RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 321* Date: 18.09.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દાયકાઓ પહેલા તૂટેલી કડી આજે જોડાઈ ગઈ વડાપ્રધાન મોદી

## મોદીએ ચિત્તાઓને કુનો નેશનલ પાર્કમાં છોડ્યાઃ નવા મહેમાનોને જોવા માટે આપણે થોડા મહિના ધીરજ રાખવી પડશે

ગ્વાલિયર,તા.૧૭


ભારતની ૭૦ વર્ષની રાહ સમાપ્ત થઈ છે. વડાપ્રધાન મોદીએ આજે તેમના જન્મદિવસે ચિત્તાઓને કુનો નેશનલ પાર્કમાં છોડ્યા છે. નામીબિયાના આઠ ચિત્તાએ ભારતની ધરતી પર પગલાં માંડ્યા હતા. કુનો નેશનલ પાર્કમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બોક્સ ખોલીને ત્રણ ચિત્તાને ક્વોરન્ટીન વાડામાં છોડ્યા હતા. અહીં વડાપ્રધાન માટે ૧૦ ફૂટ ઊંચું પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું હતું. આ પ્લેટફોર્મની નીચે પિંજરાંમાં ચિત્તાઓ હતા. પીએમએ લિવર દ્વારા બોક્સ ખોલ્યું હતુ અને ચિત્તાઓને કુનો નેશનલ પાર્કમાં છોડ્યા હતા. ચિત્તા પિંજરામાંથી બહાર આવતાં જ અજાણ્યા પાર્કમાં થોડા ભયભીત પણ જણાઈ રહ્યા હતા. પિંજરામાંથી બહાર આવતાં જ એમણે અહીં-તહીં નજર ફેરવી અને દોડવા લાગ્યા હતા. ચિત્તાઓના ચહેરા પર લાંબી યાત્રાનો થાક સ્પષ્ટ દેખાતો હતો. ચિત્તા બહાર આવતાં જ મોદીએ તાળી પાડીને તેમનું સ્વાગત કર્યું હતું. મોદીએ કેટલાક ફોટા પણ ક્લિક કર્યા હતા. મોદી ૫૦૦ મીટર ચાલીને સ્ટેજ પર પહોંચ્યા હતા. તેમની સાથે રાજ્યપાલ મંગુભાઈ પટેલ, મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ હતા. તેમણે ચિત્તા મિત્ર ટીમના સભ્યો સાથે પણ વાત કરી હતી. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ જન્મદિવસ પણ છે.ચિત્તાઓને છોડ્યા બાદ પીએમ મોદી ફોટોગ્રાફી કરતા પણ જોવા મળ્યા હતા. આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ હાજર હતા.

પીએમ મોદીએ કહ્યું કે, 'આંતરરાષ્ટ્રીય માર્ગદર્શિકાને અનુસરીને, ભારત આ ચિત્તાઓના પુનર્વસન માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યું છે. અમે અમારા પ્રયાસોને નિષ્ફળ નથી થવા દેવાના. કુનો નેશનલ પાર્કમાં છોડવામાં આવેલા ચિત્તાને જોવા માટે દેશવાસીઓએ હજુ થોડા મહિના રાહ જોવી પડશે. આજે આ ચિત્તાઓ મહેમાન બનીને આવ્યા છે, તેઓ આ વિસ્તારથી અજાણ છે. આ ચિત્તાઓ કુનો નેશનલ પાર્કને તેમનું ઘર બનાવી શકે તે માટે, આપણે આ ચિત્તાઓને પણ થોડા મહિનાનો સમય આપવો પડશે'

પીએમએ કહ્યું, 'એ ઘણુ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે વર્ષ ૧૯૫૨માં દેશમાંથી ચિત્તાઓને લુપ્ત જાહેર કરી દેવાયા અને ત્યારબાદ દાયકાઓ સુધી તેમના પુનર્વસન માટે કોઈ સાર્થક પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. આજે આઝાદીના અમૃતકાળમાં હવે દેશ નવી ઉર્જા સાથે ચિત્તાઓના પુનર્વસનના કામમાં લાગી ગયો છે. એ વાત સાચી છે કે જ્યારે પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ થાય છે તો આપણું ભવિષ્ય પણ સુરક્ષિત છે. વિકાસ અને સમૃદ્ધિના માર્ગો પણ ખુલે છે. જ્યારે કુનો નેશનલ પાર્કમાં ચિત્તાઓ ફરી દોડશે, ત્યારે અહીંની ગ્રાસલેન્ડ ઈકોસિસ્ટમ ફરીથી રિસ્ટોર થશે. મોદીએ કહ્યું- 'જૈવવિવિધતાની જૂની કડી જે દાયકાઓ પહેલા તૂટી ગઈ હતી, લુપ્ત થઈ ગઈ હતી, આજે આપણને તેને ફરીથી જોડવાનો મોકો મળ્યો છે. આજે ભારતની ધરતી પર ચિતાઓ પાછા ફર્યા છે અને હું એમ પણ કહીશ કે આ ચિત્તાઓની સાથે ભારતની પ્રકૃતિપ્રેમી ચેતના પણ પુરી તાકાતથી જાગી ઉઠી છે.'

વડાપ્રધાને કહ્યું હતું કે આજે આઝાદીના અમૃતમાં હવે દેશ નવી ઊર્જા સાથે ચિત્તાઓનું પુનર્વસન કરવામાં લાગી ગયો છે. અમે એવા કાર્ય પાછળ વર્ષોની શક્તિ ખર્ચી છે, જેને કોઈ રાજકીય રીતે મહત્ત્વ આપતું નથી. ચિત્તા એક્શન પ્લાન બનાવ્યો. અમારા વૈજ્ઞાનિકોએ નામીબિયાના નિષ્ણાતો સાથે કામ કર્યું હતું. સમગ્ર દેશમાં વૈજ્ઞાનિક સર્વેક્ષણ બાદ નેશનલ કુનો પાર્કની શુભ શરૂઆત માટે પસંદગી કરવામાં આવી હતી. કૂનો નેશનલ પાર્કમાં ચિત્તાઓ ફરી દોડશે. આગામી દિવસોમાં અહીં ઈકો ટૂરિઝમ વધશે. રોજગારની નવી તકો વધશે. આજે દેશના તમામ દેશવાસીઓને વિનંતી કરવા માગું છું કે કુનોમાં ચિત્તા જોવા માટે થોડા મહિના ધીરજ રાખવી પડશે. ચિત્તા નવા ઘરમાં પહોંચ્યા છે. આજે આ ચિત્તાઓ ભારતમાં મહેમાન બનીને આવ્યા છે, આ વિસ્તારથી અજાણ્યા છે. આ ચિત્તાઓને કુનોને તેમનું ઘર બનાવવા માટે આપણે તેમને થોડા મહિના આપવા પડશે. આંતરરાષ્ટ્રીય દિશાનિર્દેશો અનુસાર, ભારત આ ચિત્તાઓને વસાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે. આ પહેલા ચિત્તા શનિવારે સવારે નામીબિયાથી ભારત આવી પહોંચ્યા હતા. ચિત્તા ૨૪ લોકોની ટીમ સાથે સ્પેશિયલ પ્લેને ગ્વાલિયર એરબેઝ પર ઉતરાણ કર્યું હતું. અહીં વિશેષ વિમાનમાંથી પાંજરાં બહાર કાઢીને નિષ્ણાતો ચિત્તાઓનું નિયમિત ચેકઅપ કરાયું હતું. આ પછી ચિત્તાઓને લઈને હેલિકોપ્ટર કુનો પહોંચ્યું હતું. નામીબિયાથી લાવવામાં આવેલા ૮ ચિત્તામાંથી ૩ ચિત્તાને મધ્યપ્રદેશના કુનો-પાલપુર નેશનલ પાર્કમાં છોડવામાં આવ્યા





## રાષ્ટ્રપતિથી માંડીને અનેક નેતાઓએ વડાપ્રધાન મોદીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી

નવીદિલ્હી,તા.૧૭

વડા પ્રધાન મોદીના ૭૨ વર્ષમાં જન્મ દિવસ પર રાષ્ટ્રપતિ મુર્મુ, ગૃહપ્રધાન અમિત શાહથી માંડીને અનેક નેતાઓએ વડા પ્રધાન મોદીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. વડા પ્રધાન મોદીને જન્મદિને સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે ટ્વીટ કર્યું હતું. તેમણે દેશને વધુ ને વધુ રક્તદાનમાં ભાગ લેવા માટે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે આજે રક્તદાન અમૃત મહોત્સવ શરૂ થયો છે . જેપી નડ્ડાએ ટ્વીટ કરતાં લખ્યું હતું કે હું બધા કાર્યકર્તાઓને અને સામાજિક ક્ષેત્રે જોડાયેલા લોકોને આગ્રહ કરું છું કે માનવ સેવા હેતુ શરૂ કરનારી આ ઝુંબેશમાં ભાગ લે.

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન મોદીને જન્મદિને શુભકામનાઓ આપી હતી. તેમણે ટ્વીટ કરતાં લખ્યું હતું કે વડા પ્રધાન મોદીને જન્મદિવસની શુભકામના. ગૃહપ્રધાન અમિત શાહે વડા પ્રધાનને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. સંરક્ષણપ્રધાન રાજનાથ સિંહે વડા પ્રધાનને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી.

કોંગ્રેસ સાસંદ શશિ થરૂરે ટ્વીટ કરતાં લખ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિને બહુ-બહુ શુભકામનાઓ. સારું આરોગ્ય અને લાંબી ઉંમર, ઈશ્વર કરે કે તેઓ અમારા દેશવાસીઓના અંધકાર દૂર કરવા માટે કામ કરે અને તેઓ પ્રગતિ, વિકાસ અને સામાજિક સદભાવનો પ્રકાશ આપે.

બહુજન સમાજ પાર્ટીનાં વડાં માયાવતીએ વડા પ્રધાન મોદીને શુભકામનાઓ આપતાં ટ્વીટ કર્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીજીને તેમના ૭૨મા જન્મદિને હાર્દિક શુભકામનાઓ. તેમના સ્વસ્થ અને દીર્ઘાયુ જીવનની કામના.રાહુલ ગાંધી ઉપરાંત દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે પણ પીએમ મોદીના જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ આપી છે. તેમણે ટ્વીટ કરતા કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા, તમારા સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે વડા પ્રધાન મોદીને શુભકામનાઓ આપતાં કહ્યું હતું કે એક ભારત-શ્રેષ્ઠ ભારતના શિલ્પી, અંત્યોદય હેતુ રાષ્ટ્ર આરાધનામાં સતત રત, યશસ્વી પ્રધાનમંત્રીને જન્મદિનની શુભકામનાઓ પ્રભું શ્રી રામ વડા પ્રધાનને દીર્ઘાયુ અને ઉત્તમ સ્વાસ્થ્ય પ્રદાન કરે.

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને પ્રદેશ ભાજપ પ્રમુખે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મ દિવસની શુભેચ્છા પાઠવી હતી

## ગુજરાત પાકિસ્તાન નથી', ફડણવીસે વેદાંત-ફોક્સકોન ડીલના વિરોધ પર વળતો પ્રહાર કર્યો

મુંબઈ,તા.૧૭

મહારાષ્ટ્રમાં વેદાંત-ફોક્સકોન ડીલને લઈને રાજકીય ઉથલપાથલ ચાલુ છે. શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે શબ્દયુદ્ધ ચાલુ છે. આ ક્રમમાં શુક્રવારે નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એનસીપી અને શિવસેના પર વળતો પ્રહાર કર્યો અને કહ્યું કે આ પ્રોજેક્ટને ગુજરાતમાં ખસેડવા માટે તમારી મંદી જવાબદાર છે. અમે સરકારમાં આવ્યા ત્યારે ગુજરાતમાં પ્રોજેક્ટ સ્થાપવાનો નિર્ણય લગભગ અંતિમ તબક્કામાં હતો. મતલબ કે ગુજરાત સાથે આ ડીલ કન્ફર્મ થઈ ગઈ હતી.

ફડણવીસે કહ્યું કે ગુજરાત પાકિસ્તાન નથી. અમે બંને રાજ્યો ભાઈઓ છીએ. તમામ રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા છે. અમે ટૂંક સમયમાં ગુજરાત, કર્ણાટક, દરેકને પાછળ છોડી દઈશું. એમવીએ સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે તમારા શાસનમાં અમે અમારા પાડોશી રાજ્યથી પાછળ રહી ગયા.ગુજરાતમાં વેદાંત-ફોક્સકોન ડીલની જાહેરાત થયા બાદ શિવસેના, કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી એકનાથ શિંદે-ફડણવીસ સરકાર પર સતત પ્રહારો કરી રહી છે. એકમ પુણે નજીક સ્થાપવાનું હતું પરંતુ વેદાંત-ફોક્સકોને ૧૩ સપ્ટેમ્બરના રોજ ગુજરાત સરકાર સાથે એક ઓચિંતી ચાલમાં સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા — એક મોટો રાજકીય વિવાદ સર્જાયો.ભારતીય સમૂહ વેદાંત અને તાઈવાનની ઈલેક્ટ્રોનિક્સ કંપની ફોક્સકોન ગુજરાતમાં રૂ. ૧.૫૪ લાખ કરોડના રોકાણ સાથે દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટ સ્થાપશે. વેદાંત-ફોક્સકોન સંયુક્ત સાહસનું ડિસ્પ્લે ફ્ર્ટ્ઠહ્વ ઉત્પાદન એકમ, સેમિકન્ડક્ટર એસેમ્બલિંગ અને ટેસ્ટિંગ યુનિટ રાજ્યના અમદાવાદ જિલ્લામાં ૧૦૦૦ એકર વિસ્તારમાં સ્થાપવામાં આવશે. આ સંયુક્ત સાહસમાં બંને કંપનીઓ અનુક્રમે ૬૦ ટકા અને ૪૦ ટકા હિસ્સો ધરાવશે.

## મહારાજ હરિ સિંહના પુત્ર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કર્ણ સિંહે પણ હવે કોંગ્રેસ છોડવાના સંકેત આપ્યા

**હું કોંગ્રેસમાં છું, પરંતુ મારો કોઈ સંપર્ક નથી. કોઈ મારી સાથે કોઈ પણ વસ્તુ માટે વાત કરતું નથી.**

નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસના સીનિયર નેતા ગુલામ નબી આઝાદે ગયા ગત દિવસોમાં પાર્ટી છોડી દીધી હતી. હવે કોંગ્રસને જમ્મુ-કાશ્મીરમાં એક મોટો ઝટકો લાગી શકે છે. મહારાજ હરિ સિંહના પુત્ર અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કર્ણ સિંહે પણ હવે કોંગ્રેસ છોડવાના સંકેત આપ્યા છે. તેમણે કહ્યું કે, મેં વર્ષ ૧૯૬૭માં કોંગ્રેસ જોઈન્ટ કરી હતી, પરંતુ આજે પાર્ટી સાથે મારા સંબંધ ન બરાબર છે. મેં વર્ષ ૧૯૬૭માં કોંગ્રેસ જોઈન્ટ કરી હતી, પરંતુ ૮-૧૦ વર્ષોથી હું સંસદનો સભ્ય નથી. વર્કિંગ કમિટીમાંથી પણ મને બહાર કરી દેવામાં આવ્યો.તેમણે કહ્યું કે, હા હું કોંગ્રેસમાં છું, પરંતુ મારો કોઈ સંપર્ક નથી. કોઈ મારી સાથે કોઈ પણ વસ્તુ માટે વાત કરતું નથી. હું મારું કામ કરું છું. પાર્ટી સાથે મારા સંબંધ ન બરાબર છે. કર્ણ સિંહના આ નિવેદનને તેમની તરફથી કોંગ્રેસ છોડવાના સંકેત તરીકે જોવામાં આવી રહ્યા છે. જમ્મુ-કાશ્મીર રજવાડાના અંતિમ રાજા મહારાજા હરિ સિંહના પુત્ર કર્ણ સિંહ વર્ષ ૧૯૬૭ થી વર્ષ ૧૯૭૩ સુધી કેન્દ્ર સરકારમાં મંત્રી હતા. જોકે છેલ્લા ઘણા વર્ષોથી તેઓ ઉપેક્ષિત ચાલી રહ્યા છે. ગુલામ નબી આઝાદની જેમ જ કર્ણ સિંહ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સારા સંબંધ છે.હાલમાં જ તેમણે એક પુસ્તક લખ્યું હતું, જેનું વિમોચન પોતે નરેન્દ્ર મોદીએ કર્યું હતું અને તેમણે આ અવસર પર કર્ણ સિંહના ખૂબ વખાણ કર્યા હતા. કર્ણ સિંહે ભલે પોતાના આગામી પ્લાન બાબતે કશું જ ન કહ્યું હોય, પરંતુ પાર્ટી છોડવાના અનુમાન લગાવવામાં આવી રહ્યા છે. ગુલામ નબી આઝાદે કોંગ્રેસ છોડ્યા બાદ જમ્મુ-કાશ્મીરમાં પોતાની અલગ પાર્ટી બનાવવાની જાહેરાત કરી છે. તેઓ સતત રેલીઓ કરી રહ્યા છે અને રાહુલ ગાંધી પર પણ સીધો પ્રહાર કરી રહ્યા છે.કોંગ્રેસમાંથી રાજીનામું આપતા ગુલામ નબી આઝાદે કહ્યું હતું કે રાહુલ ગાંધી રાજકારણમાં આવતા જ કોંગ્રેસની જૂની વ્યવસ્થા ધ્વસ્ત થઈ ગઈ હતી, જે દશકોથી ચાલતી આવી રહી હતી. તેના પર કોંગ્રેસે તેના પર તીખો પ્રહાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ ભાજપની ભાષા બોલી રહ્યા છે. ગુલામ નબી આઝાદે તો ગત દિવસોમાં એમ પણ કહી દીધું હતું કે હવે આર્ટિકલ ૩૭૦ જમ્મુ-કાશ્મીરમાં પાછું નહીં આવી શકે. ન તો હું આર્ટિકલ ૩૭૦ અપાવી શકું છ, ન કોંગ્રેસ અને ન તો મમતા બેનર્જી અપાવી શકે છે.

## પ્રયાગરાજમાં આઠ વર્ષથી લાઇટ વિના જીંદગી પસાર કરવા માટે પરિવાર મજબુર

પ્રયાગરાજ,તા.૧૭

સરકાર ગામે ગામ,ઘર ઘર વિજળી પહોંચાડવાના દાવા કરી રહી છે પરંતુ તેનાથી ઉલટ બીપીસીએલમાં એગ્ઝીકયુટિવ અધિકારીના પદેથી ૨૦૦૮માં નિવૃત થયેલ રવિંદ્ર જૌહરીનો પરિવાર આઠ વર્ષથી અંધારામાં જીદગી પસાર કરી રહ્યો છે. પ્રયાગરાજની આ પરિવારની પરેશાની સરકારી સિસ્ટમ પર અનેક સવાલ ઉભા કરે છે.પ્રયાગરાજના પોશ વિસ્તારમાં સામેલ પ્રીતમનગરમાં આ પરિવાર ભારે ગરમીથી લઇ સખ્ત ઠંડીની સીજનમાં અંધારામાં જીંદગી પસાર કરી રહ્યો હતો હવે આ પરેશાનીથી કંટાળીને પરિવારે ઘરમાં સોલાર લાઇટ લગાવી છે. પરિવારે આ મુશ્કેલીની ફરિયાદ મોટા મોટા અધિકારીઓથી લઇ મુખ્યમંત્રીના દરબાર સુધી કરી છે પરંતુ તેનું કોઇ પરિવાર આવતુ નથી પીડિત પરિવારનો આરોપ છે કે દોષિત અધિકારી પર કાર્યવાહી કરવાની જગ્યાએ તેમને બઢતી આપવામાં આવે છે.

રવિદ્રકુમાર જોહરી પ્રીતમનગર કોલોનીના એલઆઇજી ફ્લેટમાં રહે છે.તેઓ બીપીસીએલમાં એગ્ઝીકયુટિવ અધિકારીના પદેથી વર્ષ ૨૦૦૮માં નિવૃત થયા હતાં તેમની પુત્રી આગ્રાના આઇસીએમઆર પ્રોજેકટમાં કામ કરતી હતી વર્ષ ૨૦૧૨માં તેને કેમિકલ રિએશન થઇ ગયું ત્યારબાદ સમગ્ર પરિવાર આગ્રામાં પુત્રીની સાથે રહેલા ચાલ્યું ગયું વર્ષ ૦૧૪માં પુત્રીના મોત બાદ ૨૦૧૫માં પરિવાર આગ્રાથી પ્રયાગરાજ પાછું પોતાના ઘરે પરત ફર્યું.ત્યારબાદ વિજળી વિભાગે લાંબુ બીલ મોકલી આપ્યું પીડિત પરિવારનો આરોપ છે કે તે સમયના એસડીઓ ઉમાકાંતે કાર્યાલયના વારંવાર ચક્કર લગાવ્યા ત્યાં સુધી બિલ વધીને ૨૦ હજાર રૂપિયા થયું અને બતાવ્યા વિના જ કનેકશન કાપી નાંખ્યું પીડિત પરિવારને જયારે કયાંથી ન્યાય ન મળ્યો તો વિદ્યુત વ્યથા નિવારણ ફોરમ (સીજીઆરએસ)નો દરવાજો ખખડાવ્યો ત્યાંથી આદેશ થયો કે ચાર હજાર રૂપિયા જમા કરાવી કનેકશન ચાલુ કરી દેવામાં આવે.પરિવારે પૈસા પણ જમા કરાવ્યા પરંતુ વિજળી વિભાગે આદેશને દરકિનારે કરતા આજ સુધી કનેકશન આપ્યું નહીં રવિદ્રની માંગ છે કે દોષિ અધિકારીઓની વિરૂધ્ધ વિભાગ કાર્યવાહી કરે આ મામલે ઉર્જા વિભાગના મંત્રી ડો.સોમેદ્ર તોમરે કહ્યું કે પ્રયાગરાજના વડાને નિર્દેશિત કરવામાં આવ્યા છે.મામલો જુનો છે અને તેની માહિતી અધિકારીઓના ધ્યાનમાં નથી મેં અધિકારીઓને તપાસ કરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

ઉર્જા મંત્રીએ એ પણ કહ્યું કે સરકાર અને મહારાજજીની ઈચ્છા છે કે તમામ ગ્રાહકોને યોગ્ય સુવિધા પ્રદાન કરી શકે પરિવારને ન્યાય જરૂર મળશે આ મામલામાં મુખ્ય એન્જીનિયર વિનોદકુમાર ગંગવારે કહ્યું કે આ સમગ્ર મામલાની અમે તપાસ કરી રહ્યાં છે તપાસમાં જે તથ્ય સામે આવશે અને આ આ સંબંધમાં જે પણ દોષિ હશે તેમની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

## કરોડો ગરીબોને તેમનો અધિકાર આપીને મોદીજીએ તેમનામાં આશા-વિશ્વાસની ભાવના જગાડીઃ શાહ

નવીદિલ્હી,તા.૧૭

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે. અમિત શાહે તેમના ટ્વીટમાં કહ્યું કે હું દેશના સૌથી પ્રિય નેતા અને આપણા બધાના પ્રેરણાદાતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીને તેમના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવું છું અને તેમના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્ય માટે ભગવાનને પ્રાર્થના કરું છું.મોદીજીએ ગરીબોના કલ્યાણ માટે તેમના ભારત-પ્રથમ વિચાર અને સંકલ્પથી અશક્ય કાર્યોને શક્ય બનાવ્યા છે.

ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે ગરીબ કલ્યાણ, સુશાસન, વિકાસ, રાષ્ટ્રીય સુરક્ષા અને ઐતિહાસિક સુધારાના સમાંતર સમન્વય સાથે, મોદીજીએ માતા ભારતીને ફરી એકવાર જમીન પર બનાવવાનો તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો છે. નિર્ણાયક નેતૃત્વ અને તે નેતૃત્વમાં લોકોના અતૂટ વિશ્વાસને કારણે જ આ શક્ય બન્યું છે.

અમિત શાહે એમ પણ કહ્યું કે સલામત, મજબૂત અને આત્મનિર્ભર નવા ભારતના નિર્માતા મોદીજીનું જીવન સેવા અને સમર્પણનું પ્રતીક છે. આઝાદી પછી પહેલીવાર કરોડો ગરીબોને તેમનો અધિકાર આપીને મોદીજીએ તેમનામાં આશા અને વિશ્વાસની ભાવના જગાડી છે. આજે દેશનો દરેક વર્ગ મોદીજી સાથે ખડકની જેમ ઊભો છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે ભારતીય સંસ્કૃતિના વાહક મોદીજીએ દેશને તેના મૂળ મૂળ સાથે જોડીને વિકાસના દરેક ક્ષેત્રમાં આગળ લઈ જવાનું કામ કર્યું છે. મોદીજીના વિઝન અને નેતૃત્વમાં આજનું નવું ભારત વિશ્વ શક્તિ તરીકે ઉભરી આવ્યું છે. મોદીજીએ વૈશ્વિક નેતા તરીકે પોતાની ઓળખ બનાવી છે, જેનું આખું વિશ્વ સન્માન કરે છે.

## તંત્રી સ્થાનેથી...

# વચનેષુ...!

આગામી લોકસભા ચૂંટણીમાં હજુ ઘણો સમય છે, પરંતુ તેના માટે તૈયારીઓ અત્યારથી જ થઈ રહી હોવાનું જણાય છે. મોટાભાગે આવું જ થતું હોય છે. લોકસભા ચૂંટણી પહેલાં વિપક્ષી દળોને એકજુટ કરવાની કોશિશ થવા લાગે છે. અત્યાર સુધીનો અનુભવ એ જ દર્શાવે છે કે આવી કોશિશ સફળ થતી નથી. ખબર નહીં આ વખતે શું થશે, પરંતુ એ વિચિત્ર છે કે ભાજપ વિરોધી દળોને એકજુટ કરવાની કોશિશ સફળ થતાં પહેલાં જ આર્થિક નિયમોની અવગણના કરતી જાહેરાતો કરાવા લાગી છે. થોડા દિવસ પહેલાં ભાજપ વિરોધી પક્ષોને એક કરવાના અભિયાનમાં જોડાયેલા એક નેતા દ્વારા એમ કહેવામાં આવ્યું કે જો ૨૦૨૪માં વિપક્ષની સરકાર બની તો દેશભરના ખેડૂતોને મફત વીજળી-પાણી આપવામાં આવશે. હવે આ જ પ્રકારની એક અન્ય જાહેરાત એ કરવામાં આવી છે કે દેશના તમામ પછાત રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો આપી દેવામાં આવશે. પ્રશ્ન એ છે કે શું દેશની આર્થિક સ્થિતિ તમામ ખેડૂતોને મફત વીજળી-પાણી આપવા અથવા તમામ પછાત રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો આપવો એ રાજ્યોની અવગણના નહીં કહેવાય, જેમણે વિકાસ મામલે બહેતર કામ કરીને દેખાડ્યું છે?

ધ્યાન રહે કે વિભિન્ન સમિતિઓ અને નાણાં પંચ દ્વારા વારંવાર એમ કહેવાયું છે કે રાજ્યોને વિશેષ આર્થિક પેકેજ તો આપી શકાય છે, પરંતુ વિશેષ રાજ્યનો દરજ્જો ન આપી શકાય, કારણ કે જો એવું કરવામાં આવ્યું તો દરેક રાજ્ય કોઈને કોઈ આધાર પર પોતાના માટે વિશેષ દરજ્જો માંગશે. ભૂતકાળમાં જે રાજ્યોને વિશેષ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો, તે મુખ્યત્વે દુર્ગમ વિસ્તારો અને ઓછી જનસંખ્યા ધરાવતાં પર્વતીય રાજ્યો છે. પછાત રાજ્યોને પણ વિકસિત કરવાની જરૂર તો હોય છે, પરંતુ આ કામ માત્ર કેન્દ્રીય સહાયતા અને વિભિન્ન કરોમાં છૂટછાટથી સંભવ નથી. તેના માટે એવાં રાજ્યોએ પોતાને ત્યાં એવો માહોલ બનાવવો પડશે, જેનાથી ત્યાં ઉદ્યોગ-ધંધા વધી શકે અને રોકાણકારો આકર્ષિત થઈ શકે. આ કામ ત્યારે જ થશે, જ્યારે આર્થિક અનુશાસનનો પરિચય આપવાની સાથે ઉદ્યોગ-વેપારને ઉત્તેજન આપનારી નીતિઓ પર ચાલવામાં આવશે. એવું એટલા માટે કરવું જોઈએ, કારણ કે એનાથી જ રોજગારના અવસર પેદા થશે. એ ઠીક નથી કે જ્યાં કેટલાક રાજ્યો ઉદ્યોગ-વેપાર મામલે પ્રતિસ્પર્ધા કરવા લાગ્યા છે, ત્યાં જ કેટલાક રાજ્યો પોતાની આર્થિક સ્થિતિની અવગણના કરીને રેવડી સંસ્કૃતિનો સહારો લઈ રહ્યા છે. તેમાં એ રાજ્યો પણ છે, જેમની આર્થિક સ્થિતિ બેહદ ખરાબ છે. શું આ રાજ્ય એનાથી પરિચિત નથી કે આ જ સંસ્કૃતિને કારણે શ્રીલંકાની દુર્ગતિ થઈ? જોકે રાજકીય અથવા ચૂંટણી લાભ માટે આર્થિક નિયમોની અવગણના કરવી જનતાના હિતોની બલિ ચડાવવા જેવું છે, તેથી તેણે પણ ચેતવું પડશે.

# ઉતરપ્રદેશમાં વરસાદી કહેર : ૩૧ના મોત

લખનૌ,તા.૧૭

ઉતરપ્રદેશમાં ચોમાસાની નવી સિસ્ટમને પગલે વરસાદે કહેર સર્જ્યો છે અને રાજ્યમાં જુદી-જુદી દુર્ઘટનાઓમાં ૩૧ લોકોએ જાન ગુમાવ્યા છે અને સંખ્યાબંધ ઘાયલ થયા છે.

ઉતરપ્રદેશમાં સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે ભારે તારાજી સર્જી છે. લખનૌ શહેર જળબંબાકાર બની ગયું હતું તો અન્ય એક ડઝન જિલ્લાઓમાં વરસાદી કહેર સર્જાયો હતો.લખનૌમાં દિવાલ ધસી પડતા ૯ લોકોના મોત થવા ઉપરાંત ગોંડામાં વીજળીનો થાંભલો તૂટી પડવાને કારણે કરંટ લાગતા ૩ લોકોના મોત નિપજ્યા હતાં.

ઉન્નાવમાં પાંચ, રાયબરેલીમાં બે તથા સિતાપુરમાં એક વ્યક્તિએ વરસાદી દુર્ઘટનામાં જીવ ગુમાવ્યો હતો. મુખ્યમંત્રી યોગી આદીત્યનાથે તમામ મૃતકોનો પરિવારજનોને ચાર-ચાર લાખ રુપિયાની આર્થિક સહાય આપવાનું જાહેર કર્યું છે અને રાહત-બચાવ કાર્ય ઝડપી બનાવવા તથા કૃષિ નુકસાની માટે તાત્કાલીક સર્વે હાથ ધરવાનો આદેશ કર્યો છે.

વરસાદી દુર્ઘટનામાં ગોંડામાં ચાર લોકોના મોત નિપજ્યા હતા તેમાંથી ત્રણના મોત વીજળીના તારથી કરંટ લાગતા થયા હતા. બાઈક પર પસાર થઇ રહેલા યુવાનોને કરંટ લાગ્યો હતો.

"મુક્તક"

આખી દુનિયામાં થતી હો રોજ ચર્ચા,
ઘરમાં કોઈ ઓળખે નહિ એવું ય બને !
હોય દૂર છતાં કળી લે મનની હાલત,
પાસ બેઠા સળવળે નહિ એવું ય બને !
– કેશવ સુથાર
(થરાદ, જિ.- બ.કાં., ગુજરાત)



### હેરફોલ

સૌથી મોટો હેરફોલ,
નાયેગ્રાથી મોટો હેરફોલ.
સૌને પજવતો હેરફોલ,
ચિકત્સાનો લેવાય કોલ.
રહનસહન ને ખાનપાન,
વધારતા રહે હેરફોલ!!
શેમ્પુનો વપરાશ વધે,
જે વધાર્યા કરે હેરફોલ.
એ વાત પણ નક્કી છે,
હેરફોલ છે કટુ ક્રિમરોલ.
અરીસા સામે કાંસકો ઘરો,
ને વાળનો દેખાય રોલકોલ
શિરોધારા,નસ્ય, સમાજ,
સારવારનો છે પ્રોટોકોલ.
પાણીની જેમ પૈસા વહે,
ત્યારે સમજાય એનો ઝોલ!!
ભરપૂર વાળ નજરાઈ જાય,
માથામાં રહે બેએક કેશપોલ!!
વીગ લગાવો,હેરવીવીંગ કરો,
કિફાયતી કિમીયા રે લોલ!!
ભરત વૈષ્ણવ
૧૭.૯.૨૦૨૧.# કવિતા

# રાવણની વેર ભક્તિ ભાગ-૨



અશોકવાટીકામાંથી જ્યારે મેઘનાદ શ્રી હનુમાનજીને નાગપાશમાં બાંધીને રાવણની સભામાં લઇ જાય છે ત્યારે હનુમાનજી રાવણને સમજાવતાં કહે છે કે હે રાવણ..માયા જેની આજ્ઞાથી તમામ બ્રહ્માંડોનું સર્જન કરે છે એ પરાત્પર બ્રહ્મ ભગવાન શ્રી રામનો હું દૂત છું.મારી માં નું તું અપહરણ કરી લાવ્યો છે એટલે હું તને હિતના બે શબ્દો કહેવા માટે આવ્યો છું.

'હે રાવણ..જે બુદ્ધિ અને સંપત્તિના મૂળમાં બ્રહ્મભાવ નહી હોય તો અમુક સમય સુધી જ રહેશે પછી થપાટ મારીને જતાં રહેશે.ગમે તેટલાં આભૂષણો પહેરે પણ સ્ત્રી વસ્ત્ર ના પહેરે તો આ આભૂષણ નકામાં, પાણી વિનાની નદી નકામી, ચંદ વિનાની રાત નકામી, સૂર્ય વિનાનો દિવસ નકામો, લાગણી વિનાનો મિત્ર નકામો, સ્નેહ વિનાનો સગો નકામો અને જેની વાણી ભગવાનનું નામ બોલતી નથી એ વાણી શોભતી નથી.''

હે રાવણ..હાથ જોડીને અરજ કરૂં છું તો અભિમાન છોડી દઇને મારી શિખામણ સાંભળો.તમે પોતાના કુળનો વિચાર કરો.ભ્રમને છોડી દઇને ભક્તોના ભયને દૂર કરનાર શ્રી રામચંદજીનું ભજન કરો. સુર-અસુર, ચર-અચરને જે ખાઇ જાય છે તે કાળ પણ જેમનાથી ખુબ ડરે છે એવાની સામે વેર ક્યારેય ના બાંધવું માટે જાનકીજીને સોંપી દો.રામચંદજીના ચરણકમળોને હૃદયમાં ધરો. લંકાનું અવિચળ રાજ કરો.તમે રામથી વિમુખ રહીને જે કાંઇ સંપત્તિ અને પ્રભુતાઇ મેળવી છે તથા મેળવશો તે તમામનો નાશ થઇ જશે.

હે દશાનન હું પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કે જે પુરૂષ રામથી વિમુખ હોય તેનો કોઇ રક્ષક થતો નથી.તમારૂં રામની સાથે વેર થશે તો હજાર શંકર-વિષ્ણુ તથા બ્રહ્મા પણ તમોને બચાવી શકશે નહી.અભિમાન કે જે મોહરૂપી મૂળવાળું તથા ખુબ પીડા આપનારૂં છે તેને છોડી દો અને કૃપાના સાગર,મોટા ઐશ્વર્યરૂપ રઘુનાયક શ્રી રામચંદજીનું ભજન કરો.

શ્રી હનુમાનજીના યુક્તિપૂર્વક ઉપદેશોને સાંભળીને રાવણે તેના ઉપર કોઇપણ જાતનો વિચાર કર્યા વિના બિલ્કુલ કોરો જવાબ આપ્યો કે 'મિલા હમહિં કપિ ગુરૂ બડ જ્ઞાની,મૃત્યુ નિકટ આઇ ખલ તોહિ, લાગેસિ અધમ શિખાવન મોહિ..'' જુઓ તો ખરા ! આજે મને આ વાનર મોટો જ્ઞાની ગુરૂ મળ્યો છે. અરે મૂર્ખ વાનર..તારૂં મૃત્યુ સમીપમાં આવ્યું લાગે છે તેથી જ તૂં નીચ હોવા છતાં મને શિખામણ આપવા લાગ્યો છે.તારી બુદ્ધિમાં ભ્રમ થયો છે.ઉપરોક્ત જવાબથી એ સ્પષ્ટ ખબર પડે છે કે રાવણે જે પોતાનો નિશ્ચય સંકલ્પ કર્યો હતો તેનાથી વિપરીત તે એક પણ શબ્દ સાંભળવા ઈચ્છતો ન હતો.

વિભિષણ-રાવણના સંવાદમાં વિભિષણ રાવણને સમજાવતાં કહે છે કે મોટાભાઇ ! ×સુમતિ અને કુમતિ બધાના હૈયામાં હોય છે,જ્યાં સુમતિ હશે ત્યાં શાંતિ અને સંપત્તિ રહેશે અને જ્યાં કુમતિ હશે ત્યાં વિપત્તિ મુશ્કેલીઓ આવશે. હે સ્વામી..જો આપ કલ્યાણ,સુયશ,સુમતિ,શુભગતિ અને અનેક પ્રકારનાં સુખ ઈચ્છતા હો તો પરસ્ત્રીના મુખના દર્શનને ચોથના ચંદ્રના દર્શનની પેઠે છોડી દો.જે ચૌદ બ્રહ્માંડનો એકમાત્ર સ્વામી હોય તે પણ જો પ્રાણીઓનો દ્રોહ કરવા લાગે તો લાંબાકાળ સુધી ટકે નહી.

જે પુરૂષ ગુણોના સમુદ્રરૂપ અને ચતુર હોય તે પણ જો જરાપણ ખરાબ વિષયમાં લોભ રાખે તો કોઇ તેને સારો કહેતા નથી. હે નાથ ! કામ ક્રોધ મદ લોભ મોહ આ બધાં નરકના માર્ગરૂપ છે માટે એ સર્વેને છોડી દઇને રઘુનાથજીના ચરણોનું ભજન કરો.શ્રી રામ કંઇ મનુષ્યના જ રાજા નથી પરંતુ તમામ બ્રહ્માંડોના ઈશ્વર છે,કાળના પણ કાળરૂપ છે,પરબ્રહ્મ પરમાત્મા છે,નિર્દોષ અજન્મા તેમજ સર્વ ઐશ્વર્યવાળા અજીત અનાદિ અને અનંત છે.

ત્યાર પછી જ્યારે માલ્યવાને પણ આ યુક્તિપૂર્વકના વાક્યોને અનુમોદન આપતાં કહ્યું કે મહારાજ રાવણ ! આપનો નાનો ભાઇ વિભિષણ નીતિના શણગાર જેવો છે માટે તે જે વાતો કરે છે તે વાતોને હૃદયમાં ધારણ કરો..

વિભિષણ તથા માલ્યવાનનું આવું બોલવું સાંભળી રાવણ બોલ્યો કે હે રાક્ષસો ! આ બંન્ને લુચ્ચા છે અને શત્રુની મોટાઇ કરી રહ્યા છે માટે તમો શા માટે તેમને અહીથી દૂર નથી કરતા? અહી ધ્યાન આપવા જેવી બાબત એ છે કે રાવણ એવો ના સમજ ન હતો કે વિભિષણના વેદશાસ્ત્ર..પુરાણ સંમત વચનોને સમજીને તેના ઉપર વિચાર કરવામાં અસમર્થ હોય ! પરંતુ મૂળ વાત એ હતી કે તે પોતાના સંકલ્પમાં દઢ રહેવાના કારણે તે સત-ઉપદેશ આપનારનો પણ નિરાદર કરતો રહ્યો.

જ્યારે વિભિષણને પોતાની યુક્તિ અને નીતિને સફળ થતી ના જોઇ તો પ્રીતિ અને મમત્વરૂપી અસ્ત્રનો પ્રયોગ કર્યો કારણ કેઃ યુક્તિ અને પ્રમાણો કરતાં પ્રીતિ અને મમત્વરૂપી વચનોનો વધુ પ્રભાવ પડે છે પરંતુ રાવણ પોતાના દઢ સંકલ્પથી વિચલિત થનાર ન હતો એટલે જ જ્યારે વિભિષણે એમ કહ્યું કે હે તાત ! મારી વિનંતી માનો..મારા ઉપરનો આપનો પ્રેમ સદાય રાખો અને રામને સીતાજી પાછા સોંપી દો, આમ કરવાથી તમારૂ હિત જ થશે.

રાવણે વિચાર્યુ કે વિભિષણ મારા કલ્યાણના માર્ગમાં બાધક છે એને દૂર હટાવવો જ શ્રેયકર છે તેમ માનીને કહ્યું કે હે શઠ ! તૂં મારા નગરમાં રહીને જ તપસ્વીઓની સાથે પ્રીતિ કરે છે? માટે અહીથી જતો રહે અને રામને મળીને આ તારી નીતિની વાતો સંભળાવજે..! એમ કહીને રાવણે વિભિષણને લાત મારી કારણ કે વિભિષણના નજીક રહેવાથી શક્ય છે કે તેમનાં પ્રીતિ અને મમત્વપૂર્ણ વચનોથી પ્રભાવિત થઇને તે પોતાના કલ્યાણમાર્ગથી દૂર ન થાય.આમ વિભિષણ સંવાદથી રાવણનો પોતાના કલ્યાણના માર્ગનો સંકલ્પ દઢ થતો જોવા મળે છે.

વિભિષણના પ્રભુ શ્રી રામના શરણમાં ગયા પછી રાવણે પોતાનો દૂત શુકને શ્રી રામજીની સેનાને જોવા માટે મોકલે છે તે દૂત લક્ષ્મપણજીનો પત્ર લઇને રાવણની સભામાં આવે છે તથા રાવણને શ્રીરામના શરણમાં જવા માટે અનેક રીતે સમજાવે છે.

અહી રાવણ અને ગુપ્તચર દૂતના વચ્ચે જે વાર્તાલાપ થયો હતો તે ખુબ જ મહત્વનો છે.રાવણ પૂછે છે કે ×રામ-લક્ષ્મણ બે તપસ્વીઓની વાત કરો કે જેઓના હૃદયમાં મારો ભારે ત્રાસ વ્યાપી રહ્યો છે.તારી તેમની સાથે ભેટ થઇ હતી? તેઓ મારા પરાક્રમને સાંભળીને પાછા ફરી ગયા? તૂં શત્રુના સૈન્યના તેજની અને બળની વાતો કેમ કહેતો નથી?''

અહીયાં સજ્જનવૃંદ વિચાર કરી શકે છે કે રાવણની આ વાતો દૂતોને ઠગવાવાળી નથી? કારણ કે રાવણે રામને ક્યારે ત્રાસ આપ્યો હતો? ફરીથી જ્યારે દૂત ભગવાન શ્રી રામના ઉત્કર્ષની વાતો કરતાં કહે છે કે શ્રી રામ સમુદને પોતાના બાણથી સુકવી શકે તેમ છે છતાં પણ પોતે નીતિમાં ચતુર હોવાથી તમારા ભાઇને સમુદ તરવાનો ઉપાય પૂછ્યો, એવા રામ તમારા ભાઇના કહેવાથી સમુદ પાસે માર્ગની માંગણી કરે છે કેમકે એમના મનમાં સમુદ ઉપર દયા છે.શુકનાં વચનો સાંભળી રાવણ હાસ્ય કરીને બોલ્યો કે જેની બુદ્ધિ કંગાળ છે અને જેને વાનરોની સહાય છે તેનાથી કશું જ થવાનું નથી.અહી રાવણની ચતુરપૂર્વક દૂતોને ગેરમાર્ગે દોરવાની ચેષ્ટા જણાય છે.

અંગદ-રાવણના સંવાદમાં અંગદ રાવણ સાથે વાદ કરતાં શરૂઆતથી જ પ્રભુના અદભુત ઐશ્વર્યના વખાણ કરતાં ઉપદેશ આપવા લાગે છે પરંતુ તેની અવગણના કરતાં અંગદના વ્યક્તિત્વ ઉપર આક્ષેપ કરતાં તેનો ઉપહાસ કરતાં કહે છે કેઃ અરે નીચ વાનર ! તારૂં અને તારા બાપનું નામ તો બતાવ? કયા સબંધના લીધે હું તારી મિત્રતા માનું? પરંતુ રાવણને અંગદે યુક્તિપૂર્વક જવાબ આપતાં તેને નિરૂત્તર કરી દીધો તથા ×સુનુ રાવણ પરિહરિ ચતુરાઇ,ભજસિ ન કૃપાસિંધુ રઘુરાઇ'' વગેરે વાક્યો દ્વારા રાવણને ઉપદેશ આપવા લાગ્યા પરંતુ રાવણે જોયું કે અંગદ પોતાની ચતુરાઇથી તેના કલ્યાણ માર્ગમાં બાધક થાય તેમ છે તેથી અંગદને ફિટકાર આપતાં કહે છે કે અરે મુરખ ! વાંદરાઓની સેના એકઠી કરી સમુદ્રને બાંધ્યો એટલી જ રામમાં પ્રભુતા છે.

હે મુરખ કપિ ! સાંભળી લે..અનેક પક્ષીઓ પણ સમુદ્રને ઉલ્લંઘે છે તેથી તે શૂરવીર કહેવાતાં નથી. તૂં વારંવાર જેના ગુણોનું વર્ણન કરે છે તે તારો સ્વામી જો યુદ્ધવીર હોય તો તને વિષ્ટિ કરવા શા માટે મોકલ્યો છે? તેને શત્રુની સાથે પ્રીતિ કરવામાં લાજ કેમ આવતી નથી?

ઉપરોક્ત ઉત્તેજનાપૂર્વકના શબ્દોથી એ સ્પષ્ટ થાય છે કે રાવણ સંધિ કરવા ઈચ્છતો ન હતો તેમ છતાં અંગદ તેને સમજાવીને રસ્તા ઉપર લાવવાની ચેષ્ટા કરતાં કહે છે કેઃ હે ખલ ! હવે વધારે નાહકનો વાદ-વિવાદ કરવાનું રહેવા દે અને માન છોડી દઇને મારી વાત સાંભળ.. હે રાવણ ! હું વિષ્ટિ કરવા નથી આવ્યો પરંતુ શ્રી રામજીએ બીજા વિચારથી જ મને મોકલ્યો છે.કૃપાળુ શ્રીરામ તો વારંવાર એમ કહેતા હતા કે શિયાળને મારવાથી સિંહને કિર્તી મળતી નથી.''

આમ અંગદને આગળ વધતો જોઇ પોતાના ઉદ્દેશ્યની સફળતામાં પ્રબળ વિઘ્નરૂપ સમજીને રાવણે ખુલ્લા શબ્દોમાં પ્રભુની નિંદા કરી.આ નિંદાથી રાક્ષસરાજનો અભિપ્રાય અંગદના દ્વારા શ્રી રામને યુદ્ધના માટે ઉત્તેજીત કરવાનો હતો કારણ કે રાવણને ખબર હતી કે યુદ્ધના દ્વારા જ તેને કલ્યાણપદની પ્રાપ્તિ થવાની હતી.આ પ્રસંગમાં રાવણના તમામ જવાબોને જોતાં તેની સંકલ્પ દઢતા સ્પષ્ટ થાય છે.

મંદોદરી-રાવણ સંવાદમાં જ્યારે પ્રથમવાર મંદોદરી રાવણને સમજાવતાં કહે છે કેઃ ×હે નાથ ! ભગવાનની સામે શત્રુતા ના બાંધો અને મારાં વચન હૃદયમાં હિતરૂપ ગણીને ધારણ કરો.રામના દૂતના સમાચાર સાંભળતાં જ રાક્ષસોની સ્ત્રીઓના ગર્ભ સ્ત્રવી જાય છે. હે નાથ ! સીતાને પાછી આપ્યા સિવાય સદાશિવ તથા બ્રહ્મા પણ તમારૂં કલ્યાણ કરવા ધારશે તો તે પણ શક્ય બનશે નહી.'' ત્યારે રાવણ આ યુક્તિ અને પ્રમાણ સંગત વાતોને અનસૂની કરી હસતાં હસતાં કહે છે કે સ્ત્રીઓનો સ્વભાવ મૂળે જ બિકણ હોય છે એ વાત સાચી છે અને તેથી જ સ્ત્રીઓને પોતાના બિકણપણાના લીધે મંગળમાં પણ અમંગળ દેખાય છે.જો વાનરોનું સૈન્ય અહી આવશે તો બિચારા રાક્ષસો તે વાનરોને ખાઇને જીવતા રહેશે.જેના ત્રાસથી લોકપાલ દેવતાઓ પણ કાંપે છે એની પત્ની બીજા લોકોથી ભય પામે ! એ મોટી હસવા જેવી વાત છે.

અહી વાંચકો..વિચાર કરો કે હનુમાનજી જેવા વાનરને ખાવાની કયા રાક્ષસે હિંમત કરી હતી? આખી લંકા બળી ગઇ,ચારે બાજું હાહાકાર મચી ગયો,તમામ નિશિચર ત્રાહિમામ્ કરવા લાગ્યા.વાસ્તવમાં મંદોદરીના ઉપદેશને ટાળી દઇને રાવણનું પોતાના સંકલ્પ ઉપર દઢ રહેવાનું એકમાત્ર લક્ષ્ય હતું.

શ્રી રામજીના સેના સહીત સમુદ પાર કર્યા પછી બીજીવાર મંદોદરી રાવણને સમજાવતાં કહે છે કે ×હે નાથ ! વેર તો તેની સાથે બાંધવું જોઇએ જેને બુદ્ધિ કે બળથી જીતી શકીએ તેમ હોય. સૂર્ય અને આગિયા વચ્ચે જેટલો તફાવત છે તેટલો તફાવત તમારા અને શ્રી રામજીમાં છે.

જેને મહા બળવાન મધુ અને કૈટભ નામના બે દૈત્યોને સંહાર્યા છે જેને બલિરાજાને બાંધ્યો હતો અને જેને એક હજાર હાથવાળા સહસ્ત્રાર્જુન રાજાને માર્યો હતો તે જ પ્રભુ પૃથ્વીનો ભાર ઉતારવા રામરૂપે અવતર્યા છે. હે નાથ ! જગતને ખાઇ જનારો કાળ..

જગતને બાંધનારાં કર્મ અને રજ્જુરૂપ થતા ગુણો પણ જેના હાથમાં છે તેનો વિરોધ ન કરવો જોઇએ.''

અહીયાં ધ્યાન આપવા જેવી વાત એ છે કે રાવણ-મંદોદરી સંવાદમાં મંદોદરીએ શ્રી રામને સાક્ષાત ભગવાન સૂચિત કરવામાં કોઈ કસર મુકી નથી તેમ છતાં તેના ઉપર વિચાર ના કરતાં મંદોદરીને વાતોમાં બહેકાવી દઈને રાવણ કહે છે કે હે વ્હાલી ! સાંભળ..! તૂં તમામ ખોટી ધાસ્તીઓ રાખીને ડરી રહી છે.આ જગતમાં મારા જેવો બીજો ક્યો યોદ્ધો છે.વરૂણ કુબેર પવન યમ તથા સર્વે દિકપાળોને પણ હું મારી ભૂજાઓના બળથી જીત્યો છું.

દેવતાઓ દૈત્યો અને મનુષ્યો સર્વે મારા વશમાં છે તેમછતાં તને શા કારણથી ભય ઉત્પન્ન થયો છે? આ પ્રસંગથી સ્પષ્ટ થાય છે કે મંદોદરીએ કહ્યું કેઃ શ્રી રામ સાક્ષાત ભગવાનનો અવતાર છે રાવણ તેનો કોઈ જવાબ આપતો નથી કારણ કે રાવણને તો તેમાં દઢ નિશ્ચય થઈ ગયો હતો કે શ્રી રામ સાક્ષાત પરબ્રહ્મ છે પરંતુ મંદોદરીના હૃદયમાં શ્રી રામજીની સાથેના યુદ્ધના પરીણામ વિશે જે ભય ઉત્પન્ન થયો હતો તેને દૂર કરવા રાવણ પોતાની વિરતાની ડિંગ હાંકતો હતો તેનાથી રાવણના આંતરીક સંકલ્પની દઢતા સ્પષ્ટ થાય છે.

જટાયુ યુદ્ધના પ્રસંગમાં જોઈએ તો.. સીતહિં જાન ચઢાઇ બહોરી,ચલા ઉતાઇલ ત્રાસ ન થોરી.. પછી રાવણ સીતાજીને આકાશચારી વાહનમાં ચઢાવી ખુબ જ ત્રાસના લીધે ઉતાવળથી ચાલ્યો. દૂત પ્રસંગમાં લખ્યું છે કે સુનત સભય મન મુખુ મુસુકાઇ,કહત દશાનન સબહિં સુનાઇ..!! રાવણ આ ચિઠ્ઠી વાંચીને મનમાં તો ભય પામ્યો પણ મુખ હસતું રાખીને સર્વ કોઇને સંભળાવતો હોય છે.સેતુબંધના સમાચાર સાંભળીને તે કહે છે કે..

સુનત શ્રવણ બારિધિ બંધાના,દશમુખ બોલી ઉઠા અકુલાના, નિજ બિકલતા બિચારી બહોરી, બિહંસિ ગયઉ ગૃહ કરી ભય ભોરી..રાવણ સમુદ બંધાયાની વાત સાંભળતાં જ ગભરાયો.જ્યારે રામજી નજીક આવ્યાની વાત સાંભળી ત્યારે તે વ્યાકુળ થઇ ઉઠ્યો હતો પછી પોતાની વ્યાકુળતા સમજી હસીને મનમાં ઉત્પન્ન થયેલા ભયને કાંઇક ઓછો કરીને પોતાના મહેલમાં ગયો.

ઉપરોક્ત ચોપાઇથી સ્પષ્ટ સૂચિત થાય છે કે રાવણ જો શ્રી રામને ભગવાનનો સાક્ષાત અવતાર ન માનતો હોત તો ફક્ત મનુષ્ય માત્ર સમજીને રાવણના હૃદયમાં આવા પ્રકારનો ભય કે વ્યાકુળતા ના થતી.રાવણ કોઇ મનુષ્યથી ભયભીત થાય તેવું અનુમાન કરવું ખોટું છે.આમ રામાયણમાં અનેક પ્રસંગો આવે છે જેના માર્મિક રહસ્ય ઉપર વિચાર કરવાથી સ્પષ્ટ થાય છે કે રાવણ વેરભાવથી હંમેશાં ભગવાનનું સ્મરણ કરતો હતો અને પોતાના કલ્યાણના માટે રાવણે દઢ સંકલ્પ કર્યો હતો કે..પ્રભુ સર પ્રાણ તજેં ભવ તરઉં, હોઇહિં ભજનું ન તામસ દેહા,મન ક્રમ બચન મંત્ર દઢ એહા..

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ડોકટર ગોવિંદ નંદકુમારને શુભચિંતક રાજુ રદીની ( વણમાંગી) સોનેરી સલાહ!!!

ડોકટરોને આપણે ભગવાનનો દરજ્જો આપ્યો છે. ડોકટર તેમના મેડીકલના જ્ઞાન-જાણકારીની મદદથી દર્દીને મૃત્યુના મુખમાંથી પરત લાવે છે. જો કે, તેના માટે હાથમાં જશરેખા પણ જ્ઞાનની સાથે જરૂરી છે. સતિ સાવિત્રી સતિત્વના આધારે તેના પતિને યમરાજ પાસેથી વન પીસમાં- ઈન્ટેક છોડાવી લાવેલી. ડોકટરો પોતાની આવડતથી હોલસેલમા્ દર્દીને મોતના મોઢામાંથી છોડાવી લાવે છે

ડોકટરો ધીખતી પ્રેકટીસને લાત મારી નાના ગામમાં ટાંચા સાધનોથી ગરીબ દર્દીઓના ચહેરા પર સ્મિત લાવવા માટે ભગવાન ધન્વંતરિ બનવાનો આરોગ્ય યજ્ઞ આદરે છે. ડો. એચ. એલ પટેલ કેનેડામાં સારી રીતે સેટલ થયેલા. સાપ જેમ કાંચળી ઉતારે તે સરળ અને સહજ રીતે વૈભવનો ત્યાગ કરીને કિડનીના દર્દી માટે અમદાવાદના અધતન, સારી , સસ્તી અને સુવિધાયુકત હોસ્પિટલ બનાવવાની ઈચ્છાનું ઇંડું સેવેલ હતું. આજે એચ. એલ. ત્રિવેદી કિડની ઈન્સ્ટિટ્યુટ એમની ઈચ્છાપૂર્તિનો પુરાવો બની છે.

પહેલાના સમયમાં એકસ-રે,એન્ડોસ્કોપી, ઈસીજી, સોનોગ્રાફી, સીટી સ્કેન વગેરે કરાવ્યા વિના પણ ડોકટરો દર્દીની નાડ જોઇ, સ્ટેસ્થસ્કોપથી પરીક્ષણ કરી અચૂક નિદાન કરતા હતા. તે સમયે મેડીકલની તમામ સીટો સરકારી કોલેજોમા જ હતી. સીટો વધારવાની હાયહાય ન હતી. લગભગ મફતના ભાવે ગુણવતાયુકત મેડીકલ એજયુકેશન હતું. સરકારી કોલેજોમાં ભણીને પાસઆઉટ થનાર ડોકટરોને મેડીકલની પ્રતિજ્ઞા સારી રીતે હૃદયસ્થ થતી હતી. એટલે ખાનગી પ્રજાસત્તાક કરનાર ડોકટરો પણ દરદીને તલવારથી ચિરવાના બદલે માફકસરની ફી વસૂલ કરતા. જેનાથી દરદીને હાયકારો થતો નહીં!!ડોકટરોને ફાર્માસ્યુટીકલ કંપની, મસ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ, ફાર્મહાઉસ, બેંકબેલેન્સની મહેચ્છા ન હતી.બ્રેડ,બટર,મકાનથી કામ ચાલી જતુ હતું.

ડોકટર આલ્બર્ટ શ્વાઈત્ઝેર મોટી ઉંમરે ડોકટરીનું ભણીને દક્ષિણ આફ્રિકામાં અકિંચન ગરીબોની સેવા માટે ધૂણી ધખાવી હતી. તેમને નોબેલ આપવાનીન ઘોષણા થયેલી. એક ભાઈએ ડોકટરને સમાચાર આપ્યા. ડોકટર નિર્લેપ રહ્યા!! ડોકટર શેડ બનાવતા હતા. પેલા આઈને કહ્યું કે તું આ લાકડું મને આપ અને આ શેડ બાંધવાનાં મદદ કર.

હવે સમય બદલાયો છે. ફાર્માસ્યુટિકલ કંપની ડોકટરોને ભ્રષ્ટ કરે છે. ડોલા-૬૫૦ બનાવનાર કંપનીએ દવાના પ્રમોશન માટે ડોકટરને ૧૦૦૦ કરોડ રૂપિયાની ગિફટ એટલે લાંચ આપી હતી!! એક કરોડનું ડોનેશન આપી ગ્રીન , બ્રાઉન કે વ્હાઈટ ફિલ્ડની કોલેજોમા્ એડમિશન લઈ કરોડોની ફી ભરી પાસઆઉટ થયેલ ડોકટર નખશીખ સેવામૂર્તિ બંને એ અપેક્ષા વંધ્ય છે!! આ ડોકટરો જેસીબીની મદદથી પૈસા કમાય તેની નવાઈ ન થવી જોઈએ!! યથા રાજા તથા પ્રજા જેવી બાબત છે!! ડોકટરો લેબ, એકસ રે માં કમિશનખોરી કરે, માનવાંગોની તસ્કરીમાં પડે તે તેમનું અંધઃ પતન કહેવાય. હોસ્પિટલમાં દાખલ થયેલ દરદીની સારવાર માટે તે જ હોસ્પિટલનો ડોકટર વિઝિટ ચાર્જ લગાવે તેનાથી મોટું ધુપ્પલ શું હોઈ શકે??ઓસ્ટ્રેલિયામાં ડોકટર જયંત પટેલ તેના કાળા કોમોને લીધે ડોકટર ડેથ તરીકે કુખ્યાત છે!!

હમણા એક ડોકટરે અજીબોગરીબ સાહસ કર્યું . બેંગ્લોરમાંથી આવો જ એક કિસ્સો સામે આવ્યો છે.

અહીં ડોક્ટર ની કાર ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ હતી. તેણે એક દર્દીનું ઓપરેશન કરવાનું હતું. ડોક્ટરે લગભગ ત્રણ કિલોમીટરનું અંતર દોડીને હોસ્પિટલ પહોંચી સર્જરી કરીને દર્દીનો જીવ બચાવ્યો હતો. મણિપાલ હોસ્પિટલ સરજાપુરના ગેસ્ટ્રોએન્ટેરોલોજી સર્જન ડો. ગોવિંદ નંદકુમાર સવારે ૧૦ વાગ્યે મહિલા દર્દી પર ઈમરજન્સી લેપ્રોસ્કોપિક પિત્તાશયની સર્જરી કરવાના હતા. ડોક્ટર તેમની કારમાં હોસ્પિટલ જવા રવાના થયા, પરંતુ તેઓ મરાથલ્લી, સરજાપુરમાં રોડ જામમાં ફસાઈ ગયા. ડ્રાઈવર કાર ચલાવી રહ્યો હતો. જો સમયસર સર્જરી ન થાય તો મહિલાનો જીવ જોખમમાં હતો. રોડ જામ એટલો બધો હતો કે ડો.ગોવિંદ નંદકુમાર માટે સમયસર હોસ્પિટલ પહોંચવું શક્ય નહોતું. તે કારમાંથી ઉતરીને હોસ્પિટલ તરફ ભાગવા લાગ્યો. થોડીવારમાં તે ત્રણ કિલોમીટરનું અંતર કાપીને હોસ્પિટલ પહોંચી ગયો. જે બાદ તેણે સર્જરી કરી હતી. સર્જરી સફળ રહી

રાજુ રદી ડોકટર ગોવિંદ નંદકુમાર પર નારાજ છે. તેનું કહેવું છે કે ડોક( યંગસ્ટર ડોકટરનું ટૂંકાવીને ડોક કહે છે!!) તમને આ શું સૂઝ્યું? સાબુ ( એટલે સામાન્ય બુધ્ધિ) છે કે નહીં?? ડોક તમે ડફોળ છે. પોતાની રેપ્યુટેશન અને કેરિયરની પરવા છે કે નહીં તેવું રાજુ રદી પૂછે છે??માન્યુ કે ડોકટરના હાથમાં જશરેખા છે. ધારો કે ત્રણ કિમી દોડતા ડોકટરને કાર્ડિયાક એરેસ્ટ આવી જતે તો શું થતે??દોડીને હોસ્પિટલ પહોંચ્યા પછી એક્ઝાઈટીમાં ઓપરેશન કરતા હાથ શેક થયો હોત ?? ન કરે નારાયણને કરે સત્યનારાયણ ઓપરેશન ફેઈલ ગયું હોત તો ?? માનો કે જશરેખા ખંડિત અને ત્રૂટક હોત તો ડોકટરના હાર્યે વહાણ ડૂબી જતે!! બી કામ! બી પેશન્ટ!! આ બેલ મુજે માર તેવું કરવાની કયાં જરૂરત હતી?? પડ પાણા પગ પર જેવું આત્મઘાતી પગલું ખાનગી હોસ્પિટલ કે સરકારી હોસ્પિટલના ડોકટર તરીકે ન લેવાય. કોઈ માન, ચાંદ, ઈનામ કે અકરામ આપશે નહીં? સર્જરી નિષ્ફળ જાય તો મેમો કે ચાર્જશીટ ચોક્કસ આપી દેશે!! જોક બી પ્રકટિકલ . જો તમે ટ્રાફિકજામને લીધે હોસ્પિટલ ન પહોંચી શકો તો સિનિયરને ઓનલાઈન કે ઓફલાઈન જાણ કરી દો અને બબાલમાં બતી જાવ.ડોક તમારા બાળબચ્ચાં અને બીવીની ચિંતા કરો તેવી શુભચિંતક રાજુ રદીની વણમાંગી સોનેરી સલાહ છે!!

ભરત વૈષ્ણવ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



Nog ss no. 121
વિષય: શ્રાદ્ધ
પ્રકાર: માઈક્રોફિક્શન
શીર્ષક:
ખરું શ્રાદ્ધ

હસમુખભાઈને પોતાની પત્ની જશોદાબેનના મૃત્યુ પછી નિત્યક્રમ થઈ ગયો હતો. રોજ સાંજે વહેલા જમીને તરત જ સોસાયટીના નાકે ચક્કર લગાવતા. આજે જતાં પૌત્ર દર્શિલને બૂમ પાડી,

" બેટા દરશું! હું આવું એટલે દૂધ સાથે દવા યાદ કરીને આપજે હો."

"હા દાદા", દર્શિલે બેડરુમમાંથી જ જવાબ આપ્યો.

હસમુખભાઈ આજે કોઈ કારણસર ઘરે વહેલા પાછા ફર્યા. વરંડામાં પ્રવેશતા જ આરતીવહુ અને તેમનો દીકરો દીપક, દર્શિલ સાથે ઊંચા અવાજે બોલી રહ્યા હોય એમ લાગ્યું.

ઘરની ખુલ્લી બારી પાસે નજીક જઈને એમને વાત સાંભળી લીધી. ભીતર કંઈક હૈયા સોંસરવું નીકળી ગયું. છતાં, કંઈ જ જાણતા ન હોય એમ ઘરમાં આવ્યા.

દર્શિલ દવા અને દૂધ લઈને આવ્યો. હસમુખભાઈએ કહ્યું, " દરશું, હવે ઉંમર થઈ તો હમણાંથી દૂધ નથી પચતું બેટા. તું દૂધ મૂકી આવ. પાણી સાથે જ દવા લઈ લઉં છું."

દર્શિલ સમજી ગયો મોંઘમમાં, પણ કંઈ જ ન બોલ્યો.

બીજા દિવસે જશોદાબેનનું પહેલું શ્રાદ્ધ હતું તો ઘણા સગાંવહાલાં હતા. આરતી બધાને દૂધપાક આગ્રહ કરી કરીને ખવડાવતી હતી. કોઈએ અચાનક દર્શિલની થાળી સામે જોઈ એને પૂછ્યું કે કેમ એને દૂધપાક નથી લીધો. દર્શિલે બધા વચ્ચે જ આરતી સામે ત્રાંસી નજર કરીને જવાબ આપ્યો, " મને હમણાંથી દૂધ નથી પચતું."

હાર્દિક રાવલ. 'હાર્દ'
મહેસાણા
૧૬/૦૯/૨૦૨૨

# ગાંધીનગર ખાતે વિશ્વાસથી વિકાસ યાત્રા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય- શહેરના ૫૪૩ સ્વ-સહાય જુથોને રૂ. ૫૭૬.૮૦ લાખની સહાય ગૃહ રાજય મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરાઇ

ગાંધીનગરઃ શનિવારઃ

દેશના પ્રથમ એવાવડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે. જેમના જન્મ દિવસે સામાજિક સેવાના અનેક કાર્યક્રમોનું આયોજન દેશભરમાં કરવામાં આવે છે, તેવું ગાંધીનગર ખાતે યોજાયેલ વિશ્વાસથી વિકાસયાત્રા અંતર્ગત સ્વ સહાય જૂથોને ચેક વિતરણ સમારંભમાં ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

દેશના વડાપ્રધાનશ્રીને જન્મ દિવસની શુભકામનાઓ પાઠવીને ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, કોઇ દેશના વડાપ્રધાનશ્રી કે કોઇ રાજકીય આગેવાનનો જન્મ દિવસ હોય તો મોટા સમારંભો યોજાય છે. ફૂલહારથી તેમનું સન્માન થતું હોય છે. દેશના આ પ્રથમ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી છે કે, તેમના જન્મ દિવસને સમગ્ર દેશમાં જનકલ્યાણના કાર્યક્રમો થકી ઉજવણી કરવામાં આવે છે. તેમજ તેમના જન્મ દિવસે સમાજ સેવાના કાર્ય કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, તેમના જન્મ દિવસની ઉજવણી



નિમિત્તે ગુજરાતના અનેક સ્થળો ખાતે આજે ગરીબો, મહિલાઓ અને યુવાઓના વિકાસ માટેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ન ભૂતો ન ભવિષ્ય જેવા સમાજિક સેવાનો માહોલ આજે ગુજરાતમાં ઉભો થયો છે. સમગ્ર રાજયમાં આજે અનેક જન કલ્યાણના કામો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. રાજયના સર્વે નાગરિકોના સહકાર અને સરકારના અથાગ મહેનત થકી આજે ગુજરાતની વિકાસની ગતિ વધુ તેજ બની છે.

જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક શ્રી બી.કે પટેલે મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત કરી જણાવ્યુ હતું કે, ગુજરાત સરકાર મહિલાઓના વિકાસ માટે અને મહિલાઓ સ્વ-નિર્ભર થાય તેના માટે હંમેશા પ્રયત્નશીલ રહી છે. જેના ભાગ રુપે મહિલાઓના આર્થિક ધોરણની પ્રવૃત્તિઓને હંમેશા વેગ આપ્યો છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવીકા મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં હાલ ૨૦૦૦ જેટલા સક્રિય સ્વ-સહાય જુથો દ્વારા નિયમિત બચત અને આર્થિક ધિરાણની પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે. આ જુથોને રિવોલ્વિંગ ફંડ પેટે ૨૦ થી ૩૦ હજાર અને કોમ્યુનિટિ ઈન્વેસ્ટમેન્ટ ફંડ પેટે ૧.૫૦ લાખ રુપિયાની જુથ દિઠ સહાય આપવામાં આવે છે.

તેમણે ઉમેર્યુ હતુ કે, ગાંધીનગર જિલ્લાનાં ૧૩૦૦ જેટલા સ્વ-સહાય જુથોને રૂ. ૧૩ કરોડ ધિરાણ બેંકોમાંથી આપવામાં આવ્યું છે. આ બે ધિરાણનો ઉપયોગ કરીને મહિલાઓ ખેતી, પશુપાલન, હેન્ડિક્રાફ્ટ, નાના પાયાના ઉદ્યગો સાથે જોડાઈને આર્થિક પ્રવૃત્તિઓ કરતા થયા છે. વધુમાં જિલ્લામાં બેંકિગ ક્ષેત્રે પણ જુથની બહેનો આગળ આવીને બેંક સખી, બીમા સખી વગેરેની તાલીમ લઈ સખી મંડળ અનોક બેંક વચ્ચે કડી રુપ મહત્વની કામગીરી કરી રહી છે. આ કાર્યક્રમમાં જિલ્લાના ૪૦૦ જેટલા સખી મંડળોને રૂ. ૪૫૦ લાખ જેટલી કેશ ક્રેડિટ લોન મંજુર કરવામાં આવી છે. ૪૬ જેટલા સ્વ-સહાય જુથોને રૂ.૧૩.૮૦ લાખનું રિવોલ્વિંગ ફંડ અને ૯૭ સ્વ-સહાય જુથોને કુલ રૂ. ૧૧૩ લાખનું કોમ્યુનિટિ ઈનવેસ્ટમેન્ટ ફંડ ચુકવવામાં આવ્યુ છે.આમ, કુલ ૫૪૩ સ્વ-સહાય જુથોને રૂ. ૫૭૬.૮૦ લાખની સહાય આજના દિને ચુકવવામાં આવી છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર શ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જસંવતભાઇ પટેલ, કલોલ નગરપાલિકાના પ્રમુખ શ્રી ઉર્વીશબેન પટેલ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી સુરભિ ગૌત્તમ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિરભાઇ ભટ્ટસહિત મોટી સંખ્યામાં સ્વ સહાય જૂથની બેનો ઉપસ્થિત રહી હતી.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૦૪૪નો કડાકોઃ ચાંદીમાં રૂ.૨,૧૩૬નો ઉછાળો

સપ્તાહ દરમિયાન કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૨,૧૮૦ ગબડ્યોઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ નેચરલ ગેસમાં સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૩૬૪૬૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૨૮૩૦૭૪ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૫૦૫ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૯ થી ૧૫ સપ્ટેમ્બરના સપ્તાહ દરમિયાન ૪૫,૭૦,૪૦૧ સોદાઓમાં કુલ રૂ.૪,૨૦,૦૪૧.૭૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૩૬૪૬૩.૦૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૮૩૦૭૪.૦૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૧,૫૩,૭૨૬ સોદાઓમાં કુલ રૂ.૬૪,૦૮૯.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૦,૩૮૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૦,૭૮૦ અને નીચામાં રૂ.૪૯,૧૭૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૦૪૪ ઘટી રૂ.૪૯,૩૧૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૩૩ ઘટી રૂ.૩૯,૮૨૨ અને ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮૪ ઘટી રૂ.૪,૯૪૧ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૫૪૫ના ભાવે ખૂલી, રૂ.૧,૦૩૫ ઘટી રૂ.૪૯,૩૯૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૪,૬૯૩ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૩૫૦ અને નીચામાં રૂ.૫૪,૪૧૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ. ૨૧૩૬ વધી રૂ.૫૬,૪૧૭ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૨૦૧૭ વધી રૂ.૫૬,૮૮૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૩૭ વધી રૂ.૫૬,૯૭૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૨૮,૫૬૨ સોદાઓમાં રૂ.૨૦,૧૩૫.૨૪ કરોડના વેપાર થયા હતા.

એલ્યુમિનિયમ સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૫૦ વધી રૂ.૨૦૧.૬૦ અને જસત સપ્ટેમ્બર વાયદો રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૮૩ના ભાવ થયા હતા. આ સામે તાંબુ સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૭૦ ઘટી રૂ.૬૪૫.૬૦ તેમ જ સીસું સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ વધી રૂ.૧૭૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫,૯૧,૯૪૮ સોદાઓમાં કુલ રૂ.૫૨,૦૪૭.૧૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૬૯૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭,૧૫૮ અને નીચામાં રૂ.૬,૬૭૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૧૩૨ વધી રૂ.૬,૮૩૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૩.૨૦ વધી રૂ.૬૭૫.૩૦ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૬૭૪ સોદાઓમાં રૂ.૧૯૧.૧૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન સપ્ટેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૭,૧૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૭,૩૦૦ અને નીચામાં રૂ.૩૪,૫૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૧૮૦ ઘટી રૂ.૩૪,૮૧૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૮.૯૦ ઘટી રૂ.૯૬૩.૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૭,૨૮૬.૩૯ કરોડનાં ૫૪,૩૧૪.૮૭૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૬,૮૦૩.૧૨ કરોડનાં ૬,૪૮૪.૫૧૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૨૩,૦૯૭.૮૦ કરોડનાં ૩,૩૨,૫૭,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૮,૯૪૯ કરોડનાં ૪૩૩૨૮૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૩૨.૩૪ કરોડનાં ૩૭૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૫૮.૮૧ કરોડનાં ૫૯૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૩૬૩.૩૬૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૯૬.૫૯૪ ટન, ક્રૂડ તેલમાં ૧૦૮૨૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૭૬૩૨૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૪૬૯૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૭૩૨.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૫૦૪.૬૩ કરોડનાં ૭,૨૬૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૧૩,૮૫૫ના સ્તરે ખૂલી, ૭૪ પોઈન્ટ ઘટી ૧૩,૬૯૯ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૨,૮૩,૦૭૪.૦૧ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧,૧૯૦.૫૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૩૧૨.૯૮ કરોડનાં કામ થયાં હતાં.

એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૩૮,૯૫૬.૭૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૧,૬૦૨.૮૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સના વાયદા કોન્ટ્રેક્ટ્સની સાપ્તાહિક વધઘટ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | ખૂલી (રૂ.) | વધી (રૂ.) | ઘટી (રૂ.) | બંધ (રૂ.) | વધઘટ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|
| બુલડેક્સ | ૨૩-૦૯-૨૨ | ૧ યુનિટ | ૧૩૮૫૫ | ૧૪૦૬૮ | ૧૩૬૬૮ | ૧૩૬૯૯ | -૭૪ |
| ગોલ્ડ-ગિની | ૩૦-૦૯-૨૨ | ૮ ગ્રામ | ૪૦૫૫૫ | ૪૦૭૫૦ | ૩૯૭૫૩ | ૩૯૮૨૨ | -૬૩૩ |
| ગોલ્ડ-પેટલ | ૩૦-૦૯-૨૨ | ૧ ગ્રામ | ૫૦૩૭ | ૫૦૫૭ | ૪૯૩૨ | ૪૯૪૧ | -૮૪ |
| સોનું | ૦૫-૧૦-૨૨ | ૧૦ ગ્રામ | ૫૦૩૮૬ | ૫૦૭૮૦ | ૪૯૧૭૦ | ૪૯૩૧૨ | -૧૦૪૪ |
| સોનું-મિની | ૦૪-૧૦-૨૨ | ૧૦ ગ્રામ | ૫૦૫૪૫ | ૫૦૮૪૪ | ૪૯૨૫૮ | ૪૯૩૯૪ | -૧૦૩૫ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૫૪૬૯૩ | ૫૮૩૫૦ | ૫૪૪૧૨ | ૫૬૪૧૭ | ૨૧૩૬ |
| ચાંદી-માઈક્રો | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૫૦૦૦ | ૫૮૨૬૦ | ૫૫૦૦૦ | ૫૬૯૭૯ | ૨૦૩૭ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૪૯૦૦ | ૫૮૧૮૭ | ૫૪૯૦૦ | ૫૬૮૮૧ | ૨૦૧૭ |
| એલ્યુમિનિયમ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૨૦૨.૯૫ | ૨૦૩.૮ | ૧૯૬.૩ | ૨૦૧.૬ | ૧.૫ |
| જસત | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૨૮૮.૫ | ૨૯૨.૫૫ | ૨૮૧.૫૫ | ૨૮૩.૪ | -૦.૦૫ |
| તાંબુ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૬૫૭ | ૬૭૧.૯ | ૬૪૩.૧ | ૬૪૫.૬ | -૭.૭ |
| નિકલ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૧૯૩૦ | ૧૯૩૦ | ૧૯૩૦ | ૧૯૩૦ | ૬૨ |
| સીસું | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૧૭૭.૫ | ૧૮૧.૯ | ૧૭૬.૫ | ૧૭૯.૧૫ | ૨.૧ |
| ક્રૂડ તેલ | ૧૯-૦૯-૨૨ | ૧ બેરલ | ૬૬૯૫ | ૭૧૫૮ | ૬૬૭૦ | ૬૮૩૧ | ૧૩૨ |
| નેચરલ ગેસ | ૨૭-૦૯-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૬૩૫ | ૭૨૨ | ૬૨૫.૮ | ૬૭૫.૩ | ૪૩.૨ |
| કોટન | ૩૧-૧૦-૨૨ | ૧ ગાંસડી | ૩૭૧૦૦ | ૩૭૩૦૦ | ૩૪૫૦૦ | ૩૪૮૧૦ | -૨૧૮૦ |
| મેન્થા તેલ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૧૦૦૯ | ૧૦૧૩ | ૯૫૫ | ૯૬૩.૪ | -૪૮.૯ |

સપ્તાહના ટોપ-૧૦ વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ | ૨૭-૦૯-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૬૭૫.૩ | ૬૩૨.૧ | ૪૩.૨ | ૬.૮૩ |
| નેચરલ ગેસ | ૨૬-૧૦-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૬૮૦.૧ | ૬૩૬.૮ | ૪૩.૩ | ૬.૮ |
| નેચરલ ગેસ | ૨૫-૧૧-૨૨ | ૧ એમએમબીટીયૂ | ૬૯૦.૬ | ૬૫૦.૩ | ૪૦.૩ | ૬.૨ |
| ચાંદી | ૦૩-૦૩-૨૩ | ૧ કિલો | ૫૭૪૧૮ | ૫૫૨૧૮ | ૨૨૦૦ | ૩.૯૮ |
| ચાંદી | ૦૫-૧૨-૨૨ | ૧ કિલો | ૫૬૪૧૭ | ૫૪૨૮૧ | ૨૧૩૬ | ૩.૯૪ |
| ચાંદી-માઈક્રો | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૬૯૭૯ | ૫૪૯૪૨ | ૨૦૩૭ | ૩.૭૧ |
| ચાંદી-મિની | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૫૬૮૮૧ | ૫૪૮૬૪ | ૨૦૧૭ | ૩.૬૮ |
| ચાંદી-માઈક્રો | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૫૮૦૪૩ | ૫૬૦૦૧ | ૨૦૪૨ | ૩.૬૫ |
| ચાંદી-મિની | ૨૮-૦૨-૨૩ | ૧ કિલો | ૫૭૯૬૦ | ૫૫૯૩૯ | ૨૦૨૧ | ૩.૬૧ |
| ચાંદી-મિની | ૨૮-૦૪-૨૩ | ૧ કિલો | ૫૮૬૭૨ | ૫૬૬૨૬ | ૨૦૪૬ | ૩.૬૧ |

સપ્તાહના ટોપ-૧૦ ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ

| એમસીએક્સ કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | ભાવનું એકમ | બંધ (રૂ.) | આગલો બંધ (રૂ.) | વધઘટ (રૂ.) | ફેરફાર (%) |
|---|---|---|---|---|---|---|
| કોટન | ૩૧-૧૦-૨૨ | ૧ ગાંસડી | ૩૪૮૧૦ | ૩૬૯૯૦ | -૨૧૮૦ | -૫.૮૯ |
| કોટન | ૩૦-૧૧-૨૨ | ૧ ગાંસડી | ૩૩૩૮૦ | ૩૫૩૧૦ | -૧૯૩૦ | -૫.૪૭ |
| મેન્થા તેલ | ૩૦-૧૧-૨૨ | ૧ કિલો | ૯૯૦ | ૧૦૪૨.૫ | -૫૨.૫ | -૫.૦૪ |
| મેન્થા તેલ | ૩૦-૦૯-૨૨ | ૧ કિલો | ૯૬૩.૪ | ૧૦૧૨.૩ | -૪૮.૯ | -૪.૮૩ |
| મેન્થા તેલ | ૩૧-૧૦-૨૨ | ૧ કિલો | ૯૭૯.૩ | ૧૦૨૬.૧ | -૪૬.૮ | -૪.૫૬ |
| કોટન | ૩૦-૧૨-૨૨ | ૧ ગાંસડી | ૩૩૧૭૦ | ૩૪૪૯૦ | -૧૩૨૦ | -૩.૮૩ |
| સોનું | ૦૫-૧૨-૨૨ | ૧૦ ગ્રામ | ૪૯૫૪૬ | ૫૦૬૧૭ | -૧૦૭૧ | -૨.૧૨ |
| સોનું | ૦૫-૧૦-૨૨ | ૧૦ ગ્રામ | ૪૯૩૧૨ | ૫૦૩૫૬ | -૧૦૪૪ | -૨.૦૭ |
| સોનું-મિની | ૦૪-૧૦-૨૨ | ૧૦ ગ્રામ | ૪૯૩૯૪ | ૫૦૪૨૯ | -૧૦૩૫ | -૨.૦૫ |
| સોનું-મિની | ૦૪-૧૧-૨૨ | ૧૦ ગ્રામ | ૪૯૫૭૦ | ૫૦૫૪૮ | -૯૭૮ | -૧.૯૩ |

# કેદારનાથ મંદિરના ગર્ભગૃહમાં ચારેય દિવાલો પર સોનાની પરત લગાવવાને લઈ વિવાદ

## કેદારનાથ ધામના તીર્થ પુરોહિતે તેનો વિરોધ કર્યો અને ભુખ હડતાળ કરવાની ચેતવણી આપી

રૂદ્રપ્રયાગ,તા.૧૭

વિશ્વ વિખ્યાત કેદારનાથ મંદિરના ગર્ભ ગૃહમાં ચારેય દિવાલો પર સોનાની પરત લગાવવાનું કાર્ય થઇ રહ્યું છે આ પહેલા અહીં ચાંદીની પરત લગાવવામાં આવી રહી હતી.મહારાષ્ટ્ર રાજયના એક દાનીદાતા તરફથી મંદિરની અંદર લગાવવામાં આવનાર સોનુ આપવામાં આવી રહ્યું છે પરંતુ કેદારનાથ ધામના તીર્થ પુરોહિત મંદિરની અંદર સોનાની પરત લગાવવાનો વિરોધ કરી રહ્યાં છે.



તીર્થ પુરોહિતનો આરોપ છે કે મંદિરની પૌરાણિક પરંપરાઓની સાથે ખિલવાડ કરવામાં આવી રહ્યો છે.મંદિરની અંદર કોઇ પણ સ્થિતિમાં સોનુ લગાવવા દેવામાં આવશે નહીં જો જબરજસ્તી સોનુ લગાવવામાં આવશે તો તેનો સખ્ત વિરોધ કરવામાં આવશે અને જરૂર પડશે તો ભુખ હડતાળ પણ કરવામાં આવશે.હકીકતમાં કેદારનાથ મંદિરના ગર્ભ ગૃહની ચારેય દિવાલો અને ચારેય સ્તંભો પર સોનાની પરત લગાવવામાં આવી રહી છે વર્તમાનમાં મંદિરના ગર્ભગૃહમાં ચાંદીની પરત બિરાજમાન છે જે ચાંદીની પરત અહીં લગાવવામાં આવી છે તેનું વજન લગભગ ૨૩૦ કિલો સુધી છે.આવામાં અહીં લગાવવામાં આવનાર સોનાનું વજન પણ ૨૩૦ કિલો સુધી હશે.ગર્ભગૃહમાં આવેલ બાબા કેદારનું છત્ર અને જલહરી પણ ચાંદીના છે અહીં લગાવવામાં આવેલ ચાંદીને પણ ૨૦૧૭માં એક ભકતે દાન કર્યુ હતું.થોડા સમય પહેલા એક મહારાષ્ટ્રના દાનીદાતા યાત્રી કેદારનાથ પહોંચ્યા હતાં અને તેમણે ચાંદીના સ્થાન પર સોનાની પરત લગાવવાની ઈચ્છા વ્યકત કરી જેના પર બદ્રી કેદાર મંદિર સમિતિએ પણ હા પાડી હતી બદ્રી કેદાર મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજયે તેના માટે શાસનથી મંજુરી પણ માંગી હતી મંદિરની અંદર ચાંદીની પરત ઉતાર્યા બાદ ટ્રાયલના રૂપે તાંબાની પરત લગાવવામાં આવી રહી છે તાંબાની પરતોને લગાવી ડિઝાઇન,ફિટીંગ વગેરેનું કાર્ય કરવામાં આવશે જેવી જ અહીં તાંબાની પરત ફિટ બેસશે ત્યારબાદ સોનાની પરત લગાવવામાં આવશે.મંદિરની અંદર સોનાની પરત લગાવવાની વાત કેદારનાથ ધામના તીર્થ પુરોહિતને થઇ તો તેમણે તેનો વિરોધ શરૂ કર્યું આ સોનાની પરત લગાવવા માટે મંદિરની અંદર ડ્રિલથી પણ છેદ કરવામાં આવી રહ્યું છે.મંદિરની દિવાલો પર છેંદ થવાથી તીર્થ પુરોહિતોમાં ગુસ્સો છે. કેદારનાથ મંદિરના તીર્થ પુરોહિત સંતોષ ત્રિવેદીએ કહ્યું કે મંદિરની અંદર કોઇ પણ સ્થિતિમાં સોનાની પરત લગાવવા દેવામાં આવશે નહીં સોનાની પરત લદાવવાથી મંદિરની પૌરાણિક પરંપરાઓની સાથે ખિલવાડ કરવામાં આવી રહ્યો છે મંદિરની અંદર જે ચાર સ્તંભ વિરાજમાન છે તેમાં ભગવાનનો વાસ છે તેની તીર્થ પુરોહિત સમાજ તરફથી પુજા કરવામાં આવે છે જબરજસ્તી સોના લગાવવું યોગ્ય નથી મંદિરની અંદર કોઇ પણ સ્થાન પર સોનાની પરત લગાવવા દેવામાં આવશે નહીં અને જો જબરજસ્તી લગાવવામાં આવશે તો તેનો સખ્ત વિરોધ કરવામાં આવશે જરૂર પડશે તો તીર્થ પુરોહિત વિરોધમાં ભુખ હડતાળ કરવા માટે મજબુર બનશે.

## ‘વિશ્વાસ થી વિકાસ યાત્રા’ જિલ્લો ડાંગ

# આહવા ખાતે સ્વસહાય જૂથોને ? ૮૪ લાખથી વધુની રકમના ચેક વિતરણ કરાયા

આહવા: તા:૧૭: તારીખ ૧૭મી સપ્ટેમ્બર, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી નિમિતે ગ્રામ ગુજરાત લાઈવલીહુડ પ્રોમોશન કંપની, ગાંધીનગર પુરસ્કૃત અને જિલ્લા ગ્રામ એજન્સી, ડાંગ આયોજિત ‘વિશ્વાસથી વિકાસ યાત્રા‘ ના કાર્યક્રમનમા, જિલ્લાના સ્વસહાય જૂથોને ? ૮૪ લાખ, ૩૦ હજાર, ૧૮ ની કિંમતના ચેકોનુ વિતરણ કરાયુ હતુ.




વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદીના જન્મદિવસે સમગ્ર ડાંગ જિલ્લા વતી તેમને શુભકામનાઓ પાઠવતા, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે વડાપ્રધાનશ્રીના મહિલા સશક્તિકરણના કાર્યને આગળ ધપાવતા, ગુજરાત રાજ્યે મહિલાઓને આર્થિક રીતે સ્વતંત્રતા પુરી પાડી છે તેમ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યુ હતુ.

પ્રજાજનોએ સરકારમા મુકેલા વિશ્વાસનુ વળતર આપતા સરકારે, અનેક કલ્યાણ યોજનાઓ અમલી બનાવીને, જનમાનસમા વિશ્વાસનો સંચાર કર્યો છે, તેમ પણ શ્રી મંગળભાઈ ગાવિતે આહવા ખાતે વધુમા જણાવ્યુ હતુ.

સરકાર ઉપર પ્રજાજનોનો વિશ્વાસ, પ્રજામાનસ પર સરકારનો વિશ્વાસ, અને નાગરિકોને સ્વયંની શક્તિ પરના વિશ્વાસના ત્રિવેણી સંગમ થકી, ડાંગની ગ્રામીણ નારીઓ પણ આર્થિક રીતે પગભર થઈને, આત્મનિર્ભર બની છે તેમ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમા જણાવ્યુ હતુ.

વડાપ્રધાન શ્રી નરેદ્રભાઈ મોદીએ મહિલા સશક્તિકરણની દેખાડેલી દિશા તરફ પ્રયાણ કરીને, ડાંગની મહિલાઓ પણ આર્થિક રીતે સ્વતંત્ર થઈ છે, ત્યારે મહિલાઓને દરેક ક્ષેત્રે અગ્રેસર થવાની ભરપૂર તક પુરી પાડનાર વડાપ્રધાનશ્રીનુ સ્વપ્ન અહીં સાકર થતુ દેખાઈ રહ્યુ છે તેમ પણ તેમણે વધુમા ઉમેર્યુ હતુ.

ડાંગની ગ્રામીણ બહેનોને અંધશ્રદ્ધા, વહેમ, વ્યસન, બાળ વિવાહ જેવા દુર્ગુણોથી દુર રહી, નવા ભારતના નિર્માણમા આત્મવિશ્વાસ સાથે આગળ વધવાની પણ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે હાંકલ કરી હતી.

કાર્યક્રમમા શિક્ષણ, આરોગ્ય, રસ્તા અને પાણીની જરૂરીયાત તેમજ વહીવટ અને સરકારી પારદર્શિતાની કામગીરી ડબલ એન્જીન સરકારની દેન છે, તેમ આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉતે પોતાના પ્રાસંગિક ઉદબોધનમા જણાવ્યુ હતુ.

આહવાના ડાંગ દરબાર હોલ ખાતે યોજાયેલા ‘વિશ્વાસ થી વિકાસ‘ યાત્રાના મહિલા સશક્તિકરણના કાર્યક્રમમા ભાગરૂપે આયોજિત સ્વ સહાય જૂથોને ચેક વિતરણ કરવાના કાર્યક્રમમા મહેમાનોનુ શાબ્દિક સ્વાગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તાબીયાડે કર્યું હતુ. અંતે આભારવિધિ આયોજન સહ તાલુકા વિકાસ અધિકારી શ્રી વાય.પી.જોશીએ આટોપી હતી.

વડાપ્રધાનશ્રીના મહિલા સશક્તિકરણ સ્વપ્નને સાકર કરતા આ કાર્યક્રમમા, ડાંગ જિલ્લામા કાર્યરત સ્વસહાય જુથો પૈકી ૩૦૦ જુથોની ? ૪૫૦ લાખની લોન મંજુર કરવા સાથે, ૪૨ જુથોને ? ૧૨.૬૦ લાખનુ રીબોલ્વિંગ ફંડ, અને ૧૪૪ જુથોને પ્રત્યેક જુથ/સંઘને ? ૧૫ લાખ પેટે કુલ ? ૨૧૬ લાખન કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ આપવામા આવ્યુ હતુ. ડાંગ જિલ્લામા સ્વ સહાય જૂથ મારફત કુલ ૩૮૦૦થી વધુ મહિલાઓ જોડાયેલ છે.

આહવાના ડાંગ દરબાર હોલમા આયોજિત આ કાર્યક્રમમા ડાંગ જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો. વિપિન ગર્ગ, પ્રાયોજના વહીવટદાર શ્રી જે. ડી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોષી, આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી હેતલબેન ચૌધરી, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ શ્રી બુધુભાઈ કામડી, આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉત, સામાજિક કાર્યક્રમ શ્રી હીરાભાઈ રાઉત તથા અન્ય અધિકારીઓ તેમજ મોટી સંખ્યામા સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

નરેન્દ્ર પવાર, ડાંગ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ચાણસ્મા તાલુકા ભાજપ દ્વારા બ્લડ કેમ્પ નું આયોજન કરાયું

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો




ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી તેમજ અત્યારના ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૭૨ માં જન્મદિવસ નિમિત્તે ગુજરાત રાજય સહિત વિવિધ જગ્યાએ તેમના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ ચાણસ્મામાં પણ ભારતીય જનતા પાર્ટીના તાલુકાના કાર્યકરો દ્વારા કરવામાં આવી હતી

ગુજરાતના રાજયના પનોતા પુત્ર તેમજ ભારત દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ૭૨ માં જન્મદિવસ નિમિત્તે વિવિધ જગ્યાએ વિવિધ રીતે ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે આવેલ આર્ટસ કોલેજ ની અંદર તાલુકા ભાજપ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૫ જેટલી બોટલો બ્લડની એકત્રિત કરવામાં આવી હતી અત્રે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ખરીદ વેચાણ સંઘના પ્રમુખ મુકેશભાઈ પટેલ ઉર્ફે દાઢી, બક્ષીપંચ મોરચાના વિનયસિંહ ઝાલા, ચાણસ્મા તાલુકા મહામંત્રી કિરણભાઈ જાની, દિલીપભાઈ જોશી, ઉપેન્દ્રભાઈ પટેલ, દાદુજી ચાવડા, પાર્થ પટેલ, આનંદ પટેલ સહિત વગેરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બાળ અધિકારનુ હનન થતા અટકાવવા માટે શિબિર યોજાઈ

(ડાંગ આહવા: તા:૧૬: આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા બાળ અધિકારનુ હનન થતા અટકાવવા માટે દેશના ૭૫ જિલ્લાઓ નક્કી કરવામા આવ્યા છે. દેશમા બાળકોના ૨૫% થી વધારે આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમા આ કાર્યક્રમ યોજવામા આવે છે. જે અતર્ગત ડાંગ જિલ્લામા શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.




રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ અંતર્ગત સ્થાપિત કરવામા આવેલ કેન્દ્ર સરકારની ન્યાયિક સંસ્થા દ્વારા ડાંગ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી આહવા ખાતે બંધારણીય જોગવાઈ, વિવિધ કાયદાઓ અને નિયમોમા બાળકોને મળતા અધિકારો સુનિશ્ચિત કરી બાળકોના અધિકારોનુ હનન થતા અટકાવવાનો છે. જે બાબતે ફરિયાદો સાંભળવા અને તેનુ નિરાકરણ કરવા માટે આયોગ દ્વારા શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રી પ્રિયાક્ર કાનુન્ગો, મેમ્બર સેક્રેટરી સુશ્રી રૂપાલી બેનર્જી સિંઘ, ડાંગ જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાના નેજા હેઠળ આ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ હતુ.

આ કેમ્પમા બાળકોને લગતા પ્રશ્નો જેવા કે, બાળકોના શિક્ષણને લગતા પ્રશ્નો, ICDS ના મકાન બાંધકામ અને પોષણ આહાર, દિવ્યાંગ બાળકોના સર્ટીફિકેટ, પોક્સો, બાળકોના એકાઉન્ટને લગતા, જાતિના દાખલા અંગે, ડિઆરડીઓ, જંગલ વિભાગ, વિધવા સહાય વેગેરે કુલ ૧૦૫ પ્રશ્નોનુ નિરાકરણ લાવવામા આવ્યુ હતુ.આહવાના ડાંગ દરબાર હોલ ખાતે આયોજિત આ કાર્યક્રમનુ આયોજન જિલ્લા વહીવટી તંત્ર તથા જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા આયોજિત કરવામા આવ્યુ હતુ. કાર્યક્રમમા મહેમાનોનુ સ્વાગત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી જિગ્નેશ ચૌધરી તથા કાર્યક્રમના અંતે આભાર વિધી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી ચિરાગ જોષીએ આટોપી હતી.

# બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ, બહુચરાજી જી.મહેસાણા



બહુચરાજી મંદિરના ટ્રસ્ટી અને ભાજપના મીડિયા કન્વીનર શ્રી ડૉ.યજ્ઞેશ દવે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આજે આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ નો જન્મ દિવસ છે.

સમગ્ર દેશ અને ગુજરાતમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના જન્મદિવસ નિમિતે અલગ અલગ કાર્યક્રમો થઇ રહ્યા છે ત્યારે ઘણા મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો પણ કરવામાં આવ્યા છે જેમાં મહેસાણા જીલ્લાના બહુચરાજી ખાતે આવેલ બહુચર માતાજીના મંદિરમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દીર્ઘાયુષ્ય માટે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મુખ્ય યજમાન પદે બહુચરાજી ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચશ્રી દેવાંગભાઈ પંડ્યા(શંભુભાઈ પંડ્યા) બિરાજમાન થયા હતા તેમજ આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



ભારત દેશ ના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી જી ને જન્મ દિવસ ની જન ફરિયાદ દેશ વિદેશ સાપ્તાહિક, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક,janfariyadnews ચેનલ,janfariyadnews ન્યૂઝ પોર્ટલ પરિવાર શુભેચ્છાઓ પાઠવે છે..તંત્રી

# આહવા ખાતે યોજાયો શ્રી મોઢ મોદી, ગાંધી, તેલી સમાજ આયોજીત રક્તદાન કેમ્પ

આહવા: તા: ૧૭: ભારતના વિકાસ પુરુષ અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે, ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે શ્રી મોઢ મોદી, ગાંધી, તેલી સમાજ દ્વારા રક્તદાન કેમ્પનુ આયોજન કરાયુ હતુ.



ભારતને વિકાસપથ પર અગ્રેસર કરનાર રાષ્ટ્રસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદી સૌના સાથ-સૌના વિકાસની વિભાવના સાથે દેશને નવી સિદ્ધિઓ અપાવી રહ્યા છે. ત્યારે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મ દિવસ નિમિતે આહવા ખાતે આયોજિત આ રક્તદાન કેમ્પનુ ઉદઘાટન ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ભા.જ.પા. પ્રમુખશ્રી દશરથભાઈ પવાર, સહિત સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટના ઉપપ્રમુખ ગિરીશભાઈ મોદી, કીરણભાઈ ગાંધી, છબીલદાસ વ્યવહારે વિગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમા યોજવામા આવ્યો હતો.

આ કેમ્પમા ૩૧ યુનિટ રક્ત એકત્ર કરાયુ હતુ.

નરેન્દ્ર પવાર, ડાંગ

## મહાનગરપાલિકાના મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનું સમાપન, મોટી સંખ્યામાં નગરજનોએ કાર્નિવલ નિહાળ્યો

તારીખ: ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨

ગાંધીનગર,

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રામકથા મેદાન ખાતે આયોજિત ત્રી-દિવસીય મેગા સ્પોર્ટ્સ કાર્નિવલનો સમાપન સમારોહ યોજાયો હતો. ગાંધીનગરના નગરિકોમાં સ્પોર્ટ્સ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુ થી શરૂ કરેલ આ ત્રણ દિવસ મેગા સ્પોર્ટ્સ કાર્નિવલમાં કબડ્ડી, વોલિબોલ, હેન્ડબોલ, ગોળા ફેંક, ચક્ર ફેંક, ભાલા ફેંક, દોડ, કુદ, ફેંસિંગ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્થાનિક રમતોને પ્રોત્સાહન આપવા માટેનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ રમતોમાં અંદાજિત ૫૦૦ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો. અને આ ત્રણ દિવસના કાર્નિવલમાં અંદાજીત દસ હજારથી વધુ લોકો જોડાયા હતા.

કાર્નિવલના સમાપન પ્રસંગે મેદાનમાં હાજર તમામ રમતપ્રેમીઓને મ્યુઝિક સાથે ઝુમ્બા કરાવીને વોર્મઅપ કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વિવિધ સ્પોર્ટ્સ સ્પર્ધાના વિજેતા ખેલાડીને તેમજ વિજેતા ટીમને ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. નેશનલ ગેમ્સના મેસ્કોટ સાથે ભવ્ય રેલી યોજી સ્પોર્ટ્સ કાર્નિવલનું સમાપન કરવામાં આવ્યું હતું.

હજારોની મેદની વચ્ચે યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ , નાયબ મ્યુનિસિપલ કમિશનર જી. આર. સોલંકી, ગૌરાંગભાઈ વ્યાસ, પદમસિંહ ચૌહાણ, ભરત ગોહિલ, રાકેશ પટેલ, કૈલાશબેન સુતરીયા, આર. આર. પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહીને સર્વેનો ઉત્સાહ વધાર્યો હતો. ગાંધીનગર મહાનગરપાલિકાના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે,’નરેન્દ્રભાઈએ સમગ્ર દેશમાં રમત ગમત ક્ષેત્રે વિકાસ થાય તેવા વિવિધ આયામો થકી ગુજરાતને પણ મોટી ભેટ આપી છે’

# હારીજ ના સરેલ ગામે પહોંચ્યું વહીવટી તંત્ર



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

તાજેતરની અંદર જ ઉપર વાસમાં ભારે વરસાદના પગલે સરસ્વતી નદીના નીર છલકાયા હતા ત્યારે સરેલ ગામની અંદર પુર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ત્યારે ગામના બાળકો સહિત ગ્રામજનોને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરતા હતા. તેમજ સ્કૂલની આસપાસ પણ પાણી ભરાતાં સ્કૂલો પણ બંધ થવા મામી હતી. ત્યારે ગ્રામજનો દ્વારા વહીવટી તંત્રને જાણ કરાતાં આજરોજ વહીવટી તંત્ર કામે લાગી હોવાના દ્રશ્યો સામે આવ્યા છે.

મળતી વિગતો મુજબ ચાલુ સાલે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરતાં બધી જ નદીઓ ઓવરફલો થવા પામ્યા હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. ત્યારે સરસ્વતી નદી પણ ઓવરફલો થતાં હારીજ તાલુકાના સરેલ ગામમાં પાણી આવી પહોંચતાં ગ્રામજનો વારંવાર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. ત્યારે તંત્રને રજૂઆત કરતાં આજ રોજ હારીજ તાલુકાના તાલુકા વિકાસ અધિકારીનો ચાર્જ સંભાળતા લક્ષ્મીબેન ઠાકોરે તાબડતો જ પહોંચતાં જેસીબી તેમજ ટ્રેક્ટરની મદદથી પાણીનો નિકાલ કર્યો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. તેમજ કોઈ અનિચ્છદ બનાવ ન બને તે માટે પોલીસ પ્રોટેક્શન પણ માગવામાં આવી હતી. ત્યારે હારીજ પોલીસ મથકના પી.એસ.આઇ. દ્વારા પોલીસ પ્રોટેક્શન પણ આપવામાં આવ્યું હતું.આ બાબતે ખેડૂતો શું કહે છે

આ બાબતે હારીજ તાલુકાના સરવા ગામના ખેડૂતો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અમારા ગામની અંદર આશરે ૩,૫૦૦ વીઘા જમીનમાં વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે આ નદીનું પાણી ફરી મળતા ધોવાણ થતા તેમજ વાવેતર નિષ્ફળ ગયા હોવાથી સરકારશ્રી દ્વારા યોગ્ય વળતર આપવામાં આવે તેમ લાગણી અને માગણી છે.

## સે.૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વ્યક્તિત્વ અને કાર્યોને પ્રદર્શિત કરતી પ્રદર્શની ખુલ્લી મુકાઈ

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને શહેર ભાજપ દ્વારા સે.૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર સ્થિત ગોપાલ ડેરી પાસે વડાપ્રધાનશ્રીના જીવન, વ્યક્તિત્વ અને કાર્યોને પ્રદર્શિત કરતી પ્રદર્શની ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસંગે મહાનગરના પ્રભારીશ્રી મોહનલાલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેનશ્રી જસવંત પટેલ, મહામંત્રીશ્રીઓ, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન, વ્યક્તિત્વ અને કાર્યોને પ્રદર્શિત કરતી પ્રદર્શની ૧૮ સપ્ટેમ્બર સાંજે ૫.૦૦ કલાક સુધી ખુલ્લી રહેશે.




# જંબુસર તાલુકા પંચાયત કચેરીને જંબુસર પાલિકાએ સીલ માર્યું

ભરૂચ,તા.૧૭

જંબુસર તાલુકામાં વિચિત્ર નજારો જોવા મળ્યો હતો. જંબુસર નગરપાલિકા વિસ્તારમાં આવેલ મિલકતધારકોનો વર્ષ ૨૦૨૨ -૨૩ નો રૂ.૭,૯૯,૫૧,૦૦૦/- ની રકમ બાકી પડે છે. જે પૈકી વર્ષ ૨૦૨૧ -૨૨ માં રૂ.૧,૪૦,૩૭,૦૦૦/- જેટલો વેરો ભરપાઈ કરવામાં આવ્યો છે. જેને લઈ પાલિકા તંત્ર દ્વારા બાકીદારો સામે લાલ આંખ કરતા મિલકતો સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી.નગરપાલીકાના બાકી પડતા વેરા અંગે વારંવાર નોટીસો પાઠવવા છતાંય વેરા ભરપાઈ નહીં કરતા મિલ્કત ધારકોની મિલ્કતો સીલ મારવામાં આવી રહી છે. જે અંતર્ગત ગતરોજ જંબુસર તાલુકા પંચાયત કચેરીનું રૂ.૪,૯૮,૦૦૦/- નો વેરો બાકી પડતો હોય ઓફીસ ખૂલતાંની સાથે જ પાલિકા કર્મચારીઓ તાલુકા પંચાયત કચેરી ખાતે ધસી જઈ સીલ મારવાની કાર્યવાહી હાથધરી હતી.જેને લઈ તાલુકા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખ સહિતમાં દોડધામ મચી ગઈ હતી અને વહેલી તકે નગરપાલીકાના બાકી વેરાના નાણાં ભરપાઈ કરવા જણાવ્યું હતું. પરંતુ પાલિકા તંત્ર દ્વારા તાલુકા પંચાયત કચેરી ખાતે સીલ મારવામા આવતા સન્નાટો છવાયો હતો. રાજકીય માહોલ ગરમાયો હોવાનો ગણગણાટ થતો હતો. નગરપાલિકા દ્વારા તાલુકા પંચાયત કચેરી સહિત વેરા બાકીદારોની મિલ્કતો સીલ કરવાની હોય બાકીદારોમાં ફફડાટ ફેલાયો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષોથી નગર પાલીકાના વેરાઓ નહીં ભરતાં મિલ્કત ધારકો સામે લાલ આંખ કરતા મહિલા પ્રમુખ દ્વારા તાલુકા પંચાયત કચેરી, નવયુગ વિદ્યાલય સહિત મોટી સંસ્થાઓને પ્રથમ વખત સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.